# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**
છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫/—આજીવન ૨૫૧/—
વિદેશમાં વાર્ષિક રૂા. ૫૦૦/ (વિમાનથી) આજીવન ૫૦૦૦/—

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઇ ભાવનગર—૧. ફોન : **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીપિનાકીન ના. જાની ૨. શ્રી આશીષ ગોહિલ ૩. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) ૪. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૫

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઇ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઇટલ પેઇજ સાથે કુલ પાનાં ૬૮.**

You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website 'swargarohan.org'

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સદ્‌ભાવભરી સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| જ્ઞાન વિનાની ભક્તિ જડ છે | યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત— દક્ષિણ આફ્રિકાનો પુણ્ય પ્રવાસ (૧૪) | મા સર્વેશ્વરી | ૬ |
| શ્રી શાન્તિભાઇ કનેરિયા—એક અહંશૂન્ય કરોડપતિ— મા—પ્રભુના શરણાગત ભક્ત | નારાયણ હ. જાની | ૧૧ |
| અર્પણ—સમર્પણ | દર્શના ત્રિવેદી | ૧૯ |
| શ્રી સાંઇનાથ સિદ્ધિગીત | યોગેશ્વરજી | ૨૩ |
| પ્રજાસત્તાક પર્વની ઉજવણી | તંત્રી | ૨૫ |
| ચિત્તની એકાગ્રતા અને એકાગ્રતા કેમ સાધવી? | સંત વિનોબા | ૨૬ |
| મૌન એકાંત પર્વમાં સાધકોની સાધના | શ્રી જયોત્સ્નાબહેન ત્રિવેદી | ૩૩ |
| મૌન એકાંત પર્વ—મોબર્લી—મીન્ડન અને પોકોનો | શ્રી જગુભાઇ મિસ્ત્રી | ૩૯ |
| વેશ્યા અને સાધુ | યોગેશ્વરજી | ૪૦ |
| How great my Grandpa is! Shivam Kaneria–grand–son of Shantibhai | | ૪૨ |
| સ્વર્ગારોહણ, અંબાજીમાં હરિરસની હેલી | તંત્રી | ૪૪ |
| ઠાકુરના ઠેકેદાર | કલ્યાણ | ૪૬ |
| સમય જ સર્વેસર્વા! | ડો.આઈ.કે વિજળીવાળા | ૫૭ |

# સદ્ભાવભરી સહાય

વિદેશની ધરતી ઉપર પ્રથમ શિબિર, કર્પૂરવન સંનિધિ પર્વ, કર્પૂરવન ૐમા પ્રાથમિક શાળા, સાયકલ યાત્રા તથા જયપુર ફૂટ જેવાં અનેક સત્કર્મો જેમના હાથે થઈ રહ્યાં છે.

તે કર્પૂરવનના મા પરિવારનાં વડીલો ને બાળકો–

૧. શ્રી શારદાબેન,

૨. શ્રી રમેશચંદ્ર,

૩. શ્રી જગદીપ ભક્ત,

૪. શ્રી નયના ભક્ત.

તરફથી આ અંક પ્રકાશિત થઈ રહ્યો છે.

સર્વમંગલ, સ્વર્ગારોહણ, અધ્યાત્મના એ સાચા સ્વજનોને અભિનંદન.

–મા સાર્વેશ્વરી



# જ્ઞાન વિનાની ભક્તિ જડ છે

–યોગેશ્વરજી

સુર્યનાં કિરણથી સાગરના પાણીની વરાળ થાય છે. તેમાંથી વાદળ બંધાય છે, ને એ રીતે જગતના જીવન જેવી વર્ષા પણ વરસે છે. ભક્તના હૃદયને જો સાગરની સાથે સરખાવીએ તો એમ કહી શકાય કે ઈશ્વરનાં પ્રેમ કિરણ પડવાથી આ સાગરમાં ઉષ્મા ભાવભીનું બને છે ને તેમાં ભાવનાનાં તરંગ ઉઠે છે. આ ભાવનાનું સમીકરણ ને ઘનીકરણ થાય છે, ને છેવટે તે સંસારને સંજીવન ને ધન્યતા આપનારું નીવડે છે. ભક્તના જીવનનો મહિમા ખરે જ અપાર છે. પણ ઈશ્વરનો મહિમા તેથીયે મહાન છે એ ભક્ત સારી પેઠે જાણે છે. ઈશ્વરની પ્રાપ્તિ વિના જીવનસાફલ્ય થઈ શકશે નહીં, ઈશ્વર વિના શાંતિ ને મુક્તિની ભૂખ કદાપિ મટી શકશે નહીં એ ભક્ત ખાત્રીપૂર્વક જાણે છે. તેથી તે ઈશ્વરને ભજવા યોગ્ય ને પ્રિયતમ તરીકે સ્વીકારે છે, ને ભક્તિમાં આઠેપહોર મસ્ત રહે છે. આમ ભક્તિના મૂળમાં દૃઢ ને ચોક્કસ વિજ્ઞાન રહેલું છે. કોઈપણ ક્રિયા જ્યારે સમજપૂર્વક ને ચોક્કસ ધ્યેયના જ્ઞાન સાથે થાય છે, ત્યારે તે વધારે સફળ ને રસપ્રદ બને છે. જ્ઞાન વિનાની જડ ક્રિયા આનંદ પ્રકટાવવામાં પાછી પડે છે. એટલે ભક્તિ જડ ક્રિયા છે એમ માનનારે પોતાની ભૂલ સુધારવી જોઈએ. ભક્તિ કરનારે પણ ભક્તિના ધ્યેય– ઈશ્વર– પ્રાપ્તિને સદા નજર સમક્ષ રાખી ઉત્સાહપૂર્વક ભક્તિ કરવી જોઈએ. તો જ ભક્તિ યથાર્થ ફળ ને સાધનાનો આનંદ આપી જીવનવિકાસમાં યોગ્ય ફાળો આપી શકે.

જીવનના ચોક્કસ ધ્યેયનો નિર્ણય કર્યા પછી, ઈશ્વરને

મેળવવાની જરૂર સમજી, માણસ ભક્તિને માર્ગે વળે છે ત્યારે તેને ઓર રસ અનુભવવા મળે છે. ઉષાના રંગ ને નદી ને પર્વતોની તથા ફૂલની શોભા દિવસેદિવસે જેમ અવનવા રંગ ધારણ કરે છે, ને વધારે ને વધારે રમણીયતા ધારે છે, તેમ ભક્તિમાર્ગનો યાત્રી હંમેશાં આનંદમાં રહે છે. ને નિત્યનૂતન રસનો અનુભવ કરે છે. ધન કે ઐશ્વર્ય ને સત્તાના સિંહાસનમાં જે નથી મળતી તે શાંતિ ને ધન્યતા ઈશ્વરનાં ચરણોમાં સર્વ સમર્પણ કરવાથી ભક્તને મળે છે. શરૂઆતમાં આનો અનુભવ હરેકને એટલો જલદી ના પણ થાય, છતાં ભક્તિનો વધારે ને વધારે અનુભવ કરવાથી રસ ને આનંદની પણ વૃદ્ધિ થાય છે. ભક્તિનો એ નિયમ છે. પવિત્ર ગંગા ને જમના બંનેનો જ્યાં જન્મ થાય છે ત્યાં ગોમુખ ને જમ્નોત્રીનાં પર્વતીય સ્થાનોમાં પાણીનો પ્રવાહ અત્યંત સૂક્ષ્મ હોય છે. બરફના પર્વતમાંથી નીકળતું પાણી સાપના લીટા જેવું પાતળું ને સાધારણ હોય છે. પણ એ જ પાણીમાં આગળ જતાં કેટલાય નવા જલ પ્રવાહો મળે છે, ને તેનો આકાર વધારે ને વધારે સ્થૂલ કે વિશાળ બનતો જાય છે. જેમ જેમ તે નદી આગળ વધે છે તેમ તેમ જાણે તે પ્રસન્ન બની ફૂલતી ને ફાલતી હોય એમ લાગે છે ને આખરે જ્યાં તેમનો વ્યક્તિગત અંત આવવાનો વખત થાય છે ત્યાં પ્રયાગરાજ ને ગંગા સાગર પાસે તો આ નદીનો પટ એટલો વિશાળ થઈ જાય છે કે જોનારને ઘડી ભર તો વિસ્મય જ થઈ જાય. તે વિચાર કરવા માંડે કે જમ્નોત્રી ને ગોમુખની દુબળી પાતળી ગંગા જમના શું આજ હશે! ભક્તિ કે પ્રેમની ગંગા જમના જે ભક્તના દિલમાંથી વહે છે તેના સંબંધમાં પણ આવું જ સમજવાનું છે.



# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૩૮ ફેબ્રુઆરી—૨૦૧૬ અંક ૫

## શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ(૧૪)**

**તા.૦૮/૧૨/૮૨, બુધવાર, કારતક વદ આઠમ, ૨૦૩૯.**

**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર.**

આજે પણ પૂ.શ્રી સાડા ત્રણ વાગ્યે સ્નાન કરી લે છે. પછી મને ઉઠાડે છે. હું ચાર વાગ્યે સ્નાન કરી લઉં છું. પૂ.શ્રી પોતાનો વ્યાયામ પૂર્ણ કરે છે. પછી હું વ્યાયામ કરી લઉં છું. મંત્રજપ પછી પૂ.શ્રી આજે તો ૬.૩૦ વાગ્યે લેખન માટે નીચે બેસી જાય છે. પગ ઉપર ઓશીકું મૂકીને કલમ ચાલુ થઈ જાય છે. મને મંત્રજપની સો માળા ને રામાયણનો પાઠ કરતાં સાડા અગીયાર થઈ જાય છે.

ભોજનમાં આજે ખીચડી, ભાજી, કેરીનો રસ લેવાનું બને છે.

ભોજન બાદ શ્રી. રતિભાઈ આવે છે. આજે તેમનો જન્મદિન છે. પૂ.શ્રી તેમને આશીર્વાદ આપે છે.

આજે મુલાકાતના સમયે એક યુવાન ભાઇ આવે છે. તેઓ પોતાના પ્રશ્નો પૂ.શ્રી સમક્ષ રજૂ કરે છે.

તેમણે કહ્યું : હું વરસોથી માની ભક્તિ કરું છું. હું ગઇ કાલે મારી સાંજની સ્તુતિ વગેરે કરતો હતો ત્યારે મા ભગવતીની તસવીરમાંથી એક પ્રકાશનું તેજોમય બિન્દુ નીકળીને પાસે મૂકેલી હનુમાનજીની તસવીરમાં ફરીને અદશ્ય થયું. ફરી બે ત્રણ વાર એ રીતે તેજોમય બિન્દુનું નીકળવું ને હનુમાનજીમાં સમાઇ જવાનું બન્યું, તે શું સૂચવે છે? આપ સાધના માર્ગે આગળ વધ્યા છો એવું આપના પ્રવચન ઉપરથી લાગે છે. તો આપ મને માર્ગદર્શન આપો.

પૂ.શ્રીએ કહ્યું : તમને જે દેખાયું તે સારું કહેવાય. માની તસવીરમાંથી નીકળેલું તેજબિન્દુ હનુમાનજીની તસવીરમાં સમાઇ જાય તેના બે અર્થો થઇ શકે. તમારે માનું જ સાધન—ભજન વધારે કરવાનું અને બીજો અર્થ એ કે તમે હનુમાનજીની સ્તુતિપાઠ વગેરે પણ કરો.

તે ભાઇએ કહ્યું : એ અનુભવ પછી મેં પ્રણામ કર્યા તો મને આજ્ઞા ચક્રમાં ખૂબ ખૂબ પ્રકાશનું દર્શન થયું.

પૂ.શ્રીએ જવાબ આપતાં કહ્યું : એ તો કુંડલિની શક્તિનું જાગરણ થાય ત્યારે એ રીતે પ્રકાશદર્શન થાય.

વળી તે ભાઇએ કહ્યું : મને એવી પ્રેરણા થાય છે કે હું તમારી પાસે મંત્રદીક્ષા લઉં. મને આ માર્ગે વાળનાર એક વૃદ્ધપુરુષ છે. તેમને હું ખૂબ પૂજ્યભાવે જોઉં છું. તેમના થકી હું આગળ વધ્યો છું.



પૂ.શ્રીએ એ યુવાનને માર્ગદર્શન આપતાં જણાવ્યું : તમે મંત્રદીક્ષા એ વૃદ્ધપુરુષ પાસેથી જ લો. તમે તેમને જાણો છો. વળી, તમને ભાવના છે, પૂજ્યભાવ પણ છે. તેથી તેમનું જ માર્ગદર્શન માગો અને મારી પાસેથી મંત્ર લેવો હોય તો હું પણ આપને મદદ કરીશ.

તે ભાઇએ કહ્યું : મારે મન આપ પણ એવા જ પૂજ્ય છો. આપ આપો તોપણ ચાલે.

પૂ.શ્રીએ કહ્યું : તમે હનુમાનજીના સ્તુતિપાઠ ઉપરાંત બીજું શું કરો છો?

યુવક : આરતી કરું છું.

પૂ.શ્રી : જપ નથી કરતા?

યુવક : ના.

પૂ.શ્રી : તમે હનુમાનજીનો મંત્રજપ કરો. દરરોજ એક માળા તો કરો જ, ને સમય મળે તો પાંચ માળા કરો. એક વરસ સુધી એ જપ કરો. પછી તમને જે પ્રેરણા મળે તે પ્રમાણે કરજો.

એ મંત્ર જપજો. વળી, તમારાં ઈષ્ટદેવી અંબાજી છે, ગાયત્રી નથી. તમારે ગાયત્રીમંત્ર કરવો હોય તો કરો, પણ અંબાજીનો મંત્ર તો પેલા મુરબ્બી પાસેથી લો, ને દરરોજ સવાર—સાંજ ૧૦—૧૦ માળા જપ કરો. સ્તુતિ, આરતી પણ કરો.

'ચંડીપાઠ' મારું લખેલું પુસ્તક છે, તે પણ વાંચો. તમને એથી આનંદ આવશે.

તે યુવાન ભાઇને ખૂબ આનંદ થયો. વિદાય થતાં તેમણે કહ્યું : માતાજીનાં ભજનો દરરોજ પ્રવચન પછી સાંભળીએ છીએ ત્યારે હૈયું ડોલી ઊઠે છે. એ ભજનોનું પુસ્તક મળે ખરું?

તે ભાઈ વિદાય થયા. અમે પણ દોઢ વાગ્યે બહાર જવા નીકળ્યા.

આજે પૂ.શ્રીની રેડિયો સ્ટેશન ઉપર અંગ્રેજી ભાષામાં મુલાકાતો ગોઠવાઈ હતી. બે સ્ટેશન ઉપર આજે તે કાર્યક્રમો હતો. રેડિયો પોર્ટ નાતાલ સ્ટેશન ઉપરથી નાતાલ પ્રાંતમાં તે કાર્યક્રમ રજૂ થવાનો હતો. બીજો કાર્યક્રમ સાઉથ આફ્રિકા બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન (એસ.બી.સી.) નામના રેડિયો સ્ટેશન ઉપરનો હતો, જે આખા દક્ષિણ આફ્રિકામાં રજૂઆત પામે છે.

આ દક્ષિણ આફ્રિકાના રેડિયો સ્ટેશન ઉપર મુલાકાતમાં પૂ.શ્રી સાથે પ્રશ્નોત્તરી થઈ. મારી પાસે પણ એક ભજન ગવડાવ્યું. 'વરદ હસ્ત' ભજન ગાયા પછી જ્યારે કાર્યક્રમ પૂર્ણ થયો ત્યારે મુલાકાત લેનાર ભાઈએ કહ્યું : ''ખૂબ સરસ ગાયું. આટલું મધુર ભજન મેં મારા જીવનમાં પહેલીવાર જ સાંભળ્યું.''

ત્યાર પછી બીજા રેડિયો સ્ટેશન, રેડિયો પોર્ટ નાતાલ ઉપર ગયાં. ત્યાં પૂ.શ્રીની અંગ્રેજી મુલાકાત થઈ. પછી મારે પણ અહીં એક ગુજરાતી ને એક હિન્દી એમ બે ભજન ગાવાં પડ્યાં. આગ્રહને વશ થઈ એ કાર્ય થયું. જીવનમાં મારે પ્રથમવાર આ રીતે રેડિયો પર ગાવાનું બન્યું. એથી એ પ્રસંગ મારે માટે મહત્ત્વનો ગણાય.

મુલાકાત જે સ્થાનમાં થાય છે તે સંસ્થાના મકાનમાં મુલાકાતીઓને પ્રથમ બેઠકખંડમાં બેસાડે છે. પણ તે પહેલાં તેમની પાસે એક ફોર્મ ભરાવે છે. પછી થોડીવારમાં જે ભાઈ આપણી મુલાકાત લેવાના હોય તે આપણને લેવા આવે અને ઉપરના એક ઓરડામાં લઈ જાય, જ્યાં કાર્યક્રમ રેકોર્ડ થાય.



સામે જ કાચમાંથી બીજો ઓરડો દેખાય છે, જેમાં મોટાં મોટાં બે ત્રણ મશીનો હોય છે અને તેના એક સંચાલક ભાઈ ત્યાં બેઠા હોય છે. તેઓ ઈશારો કરે છે, ત્યારે આપણા ઓરડામાં માઈક ચાલુ થાય છે. લાલ લાઈટ થાય એટલે રેકોડિંગ શરુ થાય છે. કાર્યક્રમ પૂર્ણ થતાં ફરી ઈશારો કરવામાં આવતાં મશીન બંધ થાય છે ને લીલી લાઈટ થાય છે.

રેકોડિંગ રૂમમાં એક ટેબલ હોય છે. તેની સામસામે બે ખુરશી હોય છે. વચ્ચે એક લટકતું, જરા જુદી જાતનું માઈક હોય છે. પ્રશ્નોત્તરી સામસામે બેસીને થાય છે. આમ, એ બધો જ કાર્યક્રમ માઈકથી રેકોર્ડ થાય છે.

કાર્યક્રમ પૂર્ણ થતાં મુલાકાત લેનાર ભાઈ આપણને નીચે સુધી મૂકવા આવે છે. પૂ.શ્રી તેમની સાથે વાતો કરતાં કરતાં નીચે ઊતરે છે.

વાતચીત દરમ્યાન ખબર પડી કે બન્ને રેડિયો સ્ટેશનના બન્ને મુલાકાતી ભાઈઓ પૈકીના એક ભાઈએ રામાયણ સભા હૉલમાં અને બીજા ભાઈએ શ્રી રામકૃષ્ણ સેન્ટરમાં પૂ.શ્રીને અંગ્રેજીમાં સાંભળ્યા હતા.

રેડિયો કાર્યક્રમ આપવો અહીં કેટલો સરળ છે! ત્યાંના સંચાલકો ગુણગ્રાહી છે. સારી વાતોનો સ્વીકાર કરવામાં તે સૌ કશો વિલંબ કરતા નથી.

રેડિયો સ્ટેશન ઉપરથી આવીને અમે આરામ જ કર્યો. ચાર વાગી ગયા હતા, તેથી થોડો આરામ કરી, થોડું લેખન કર્યું.

સાંજે ધ્યાનની બેઠક દરરોજની જેમ થઈ.

(ક્રમશઃ)

# શ્રી શાન્તિભાઈ કનેરિયા—એક અહંશૂન્ય કરોડપતિ, મા—પ્રભુના શરણાગત ભક્ત

—નારાયણ હ. જાની

યોગેશ્વર પરિવારમાં ભાગ્યે જ કોઇ વ્યક્તિ એવી હશે જે શ્રી શાંતિભાઈ કનેરિયાને ઓળખતી, ન હોય. જો કે તેઓ થોડું બોલે છે—કહો કે જાહેરમાં કદી કોઇ આગ્રહ વગર ભાગ્યે જ બોલવા ઊભા થાય. પરંતુ તેમના અંતરના રગરગમાં—શ્રી યોગેશ્વરજી અને પૂ.મા સર્વેશ્વરી માટેનો ભારોભાર પ્રેમ ભર્યો છે. તે તેમના આચરણમાં વ્યક્ત થતો રહે છે. તેની સાબિતી આપતાં બે સબૂતો છે પ્રથમ સબૂત યોગતીર્થ તેના એક દ્વારે પૂ.માએ એ પરિવારના સભ્યોના—શ્રી શાંતિભાઈ, પુત્ર વિજયભાઈ ને પૌત્ર શિવમનો એક મોટો ફોટો—મૂક્યો છે, તો બીજા દ્વારે તેમનાં પત્ની શ્રી લાભુબેન, પુત્ર વધુ સ્મિતા અને પૌત્રી શ્રુતિનો એવો જ મોટો ફોટો મૂક્યો છે. —જે એમની આ હોલની રચનાના પાછળના પરિશ્રમ અને દાનની યાદ અપાવે છે.

એવું જ બીજું બોલતું સ્મારક પૂ.શ્રી, એમનાં માતાજી જ્યોતિર્મયી અને મા સર્વેશ્વરીને ભારતભરનાં વિવિધ યાત્રા સ્થાનોની જે મોટરગાડીમાં યાત્રા કરાવી તે મોટર પણ પૂ.મા પ્રભુના ચરણે ધરી દીધી. તો પૂ.માએ પૂ.શ્રીની કુટિયાની બાજુમાં જ એને કેવી સરસ રીતે ગોઠવી દીધી—કે સાધકો એની પ્રદિક્ષણા પણ કરી શકે ને તે પવિત્ર વાહન કયાં કયાં ફર્યું—તેની સરસ વિગતો પણ વાંચી શકે. એને જોતાં જ વિચાર આવે કે એક મોટર જેવી જડ વસ્તુનું પણ કેવું ભાગ્ય કે તે જૂની થતાં કોઇ



ભંગારમાં ના ગઈ—ને એક પરમ પુરુષનો સંસ્પર્શ પામી. ભક્તોના પૂજ્યભાવનું પાત્ર બની ગઈ!

તો આ મોટરના માલિક શ્રી શાન્તિભાઈ જ તેનો ચલાવનાર ડ્રાયવર—સેવક જેઓ આ નિમિત્તે પૂ.મા—પ્રભુનું કેવું અદ્ભુત સાન્નિધ્ય ને તે પણ દિવસો સુધીનું પામ્યા. પરિણામે પૂ.ગુરુદેવ યોગેશ્વરજી ને મા સર્વેશ્વરીના જીવનને ખૂબ નજીકથી જોવાનું ને માણવાનું સૌભાગ્ય પામી શક્યા, તેથી જ પૂ.શ્રીએ પણ એમને એક સમર્પિત સેવક ઉપરાંત કુશળ કાર—ચાલક તરીકેનું બીરુદ આપ્યું.

શ્રી શાન્તિભાઈ એક સામાન્ય ઓઈલ એન્જીનોના વેપારીમાંથી આપબળે—પરિશ્રમે ને પુરુષાર્થ મહેનત કરી મા લક્ષ્મીની કૃપા પામ્યા. સંસારમાં પરિશ્રમ ને ભાગ્યવશાત્ સંપત્તિ તો ઘણા પામે છે. પરંતુ તેને જનહિતાર્થે કે લોકકલ્યાણને માર્ગે વાપરનાર કેટલા! અને બનતું પણ એવું રહ્યું કે શાન્તિભાઈ કોઈપણ ધંધાકીય સાહસ કરે તેમાં સફળ થાય. જમીન ખરીદે તેમાં પૈસા મળે જ. છતાં શાન્તિભાઈને તેનો કોઇ લોભ નહીં, આસક્તિ નહીં.

પહેલાં ધંધામાં કોઇને ભાગીદાર રાખેલા. તે ભાઈ છૂટાં થતાં શ્રી શાન્તિભાઈએ સંકલ્પ કર્યો કે હવે ધંધામાં લૌકિક કોઇ ભાગીદાર કરવા નથી, પણ મનથી પ્રભુને—પૂ.ગુરુદેવને ભાગીદાર કર્યા. પ્રામાણિકતા પૂરેપૂરી. એટલે વર્ષે હિસાબ કરતાં, મનથી નક્કી કર્યા પ્રમાણે પ્રભુના ભાગના પૈસા બેગમાં ભરી, પૂ.શ્રીને આપવા ઉપડે. પાછા કહે પણ ખરા, ''હું સંસારી માણસ, કદીક ભીડ પડે તો તમારા પૈસા પણ પ્રભુ વપરાય જાય. એટલે તમારો ભાગ આપું એટલે લઈ જ લેવો, જેથી હું કોઇ બંધનમાં ના રહું.'' કેવી નિખાલસતા.

શ્રી શાન્તિભાઈએ ક્યાં પ્રભુ સાથેની પાર્ટનરશીપ સરકારી સ્ટેમ્પ પેપર પર રજીસ્ટર કરાવી હતી? પરંતુ મનના સંકલ્પથી જે નક્કી થયું, તેને પ્રામાણિકપણે વળગી રહે. એમાં સહેજ પણ બાંધછોડ નહીં, એ શાંતિભાઈની ખાસીયત શ્રી શાંતિભાઈની સંપત્તિ પ્રત્યેની નિર્મોહિતતાનું એક જ્વલંત ઉદાહરણ થોડા મહિના પહેલાં જાણવા મળ્યું.

**કરોડોના પ્લોટનું કૃષ્ણાર્પણ**

સ્વર્ગારોહણની દક્ષિણે એક વિશાળ ખુલ્લો ભાગ હતો. ત્યાં પણ જો ભવિષ્યમાં આદિવાસી વસ્તીનાં ઝૂપડાં થઈ જાય તો આ આધ્યાત્મિક સ્થાન સ્વર્ગારોહણની આસપાસનું વાતાવરણ બહુ સારું ન રહે ને ભવિષ્યમાં વિકાસની તક—પણ. જો કે આ જમીન ચઢાવ ઉતરાવ ને ખાડાવાળી હોવાથી તેમાં પ્રવેશ નહીં થયો હોય, એમ પૂ.માએ માન્યું. તપાસ કરતાં માલુમ પડ્યું કે કેટલાક લોકોએ આ જમીન ખરીદી લીધી છે અને હાલ તે વેચાઉ છે. શ્રી શાન્તિભાઈને થયું કે જો પૂ.માને આ જમીન ગમી હોય તો આપણે જ તે લઈ લઈએ!

શ્રી શાન્તિભાઈ સ્વભાવે વેપારી માણસ. એટલે વિલંબ કર્યા વગર તુરત જ સંપર્કો કરી તે જમીન ખરીદી લીધી ને તેના કબજા માટે દિવાલ પણ ચણાવી દીધી!

હમણાં સુધી પૂ.માએ આ અંગે કોઈ નિર્ણય ન આપતાં, શ્રી શાંતિભાઈએ વિચાર્યું કે મેં આ જમીન કમાવા માટે લીધી નથી. એટલે પૂ.માને આ જમીન ના જોઈતી હોય તો રામકૃષ્ણ મીશન જેવાને સારી પ્રવૃત્તિ કરવા એમજ આપી દઉં. જો કે જમીન લીધા પછી હાલ તેના ભાવ આઠ દસ ગણા વધી ગયા છે. અંબાજીના વિકાસ—માટે કોઈ પણ પ્રવૃત્તિ કરવી હોય તો નજીકમાં કોઈ જમીન બચી જ નથી.



ત્રણેક માસ પહેલાં પૂ.માએ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટને—શ્રી શાંતિભાઈની આપવાની ઈચ્છા હોય તો આ જમીન સ્વીકારવા અનુમતિ આપી. ટ્રસ્ટ તો તૈયાર જ હતું ને શાંતિભાઈ પણ. તેઓ તો પૂ.માના આ નિર્ણયથી ખૂબ ખુશ થયા ને મહિનામાં જ ટ્રસ્ટને જમીન સમર્પિતનો દસ્તાવેજ કરી આપ્યો.

હવે જરા વિચારો કે જેના કેટલાક કરોડ રૂપિયા આવે, એવી આ જમીન આપ કૃષ્ણાર્પણ કરી દેનાર માણસનું દિલ કેવું હશે! એમને તો એ વાતનો આનંદ થયો કે મારી આ સંપત્તિ પૂ.મા—પ્રભુના ટ્રસ્ટની પ્રવૃત્તિના વિકાસમાં ઉપયોગી થઈ! એટલે જ નવે.૨૦૧૫માં પૂ.માએ શ્રી શાન્તિભાઈની આ સખાવતને હૃદયપૂર્વક બિરદાવી. તેનો સંદેશો ડીસે. ૧૫ના અધ્યાત્મના અંકમાં છાપવામાં આવ્યો છે.

શ્રી શાન્તિભાઈ સાહસિક પણ ખરા ગણતરીપૂર્વકનું એમનું સાહસ રહેતું.

એકાદ ભાઈના અપવાદ સિવાય પરિવારમાં ખાસ ધાર્મિક અભિરૂચિ નહિવત્. એટલે શ્રી શાન્તિભાઈમાં પણ એના સંસ્કારો બહુ ઓછા જોવા મળતા.

**જીવન પલટાયું**

શ્રી શાન્તિભાઈના ધંધાના સાહસને લીધે, આર્થિક સ્થિતિ ધીમેધીમે સુધરવા માંડી. ત્યાં ૧૯૭૧ના વર્ષમાં એમના એક સાઢુભાઈ લંડનથી આવ્યા. તેઓ શ્રી રામકૃષ્ણ અને વિવેકાનંદના ભક્ત હતા. તેમને શ્રી રામકૃષ્ણ આશ્રમ રાજકોટમાંથી થોડાં પુસ્તકો ખરીદવાં હતાં. ત્યાં સુધી શાન્તિભાઈને આવો આશ્રમ રાજકોટમાં છે, તેની પણ પૂરી માહિતી ન હતી. એમના સાઢુભાઈ સાથે એમણે પણ શ્રી રામકૃષ્ણદેવ ને શ્રી વિવેકાનંદનાં ગુજરાતી પુસ્તકો, તે વખતે

પ્રસિદ્ધ થયેલાં તે બધાં જ ખરીદી લીધાં, એટલું જ નહીં, પણ ધંધામાંથી સમય કાઢી વાંચવા માંડ્યાં. પરિણામે તેમનું અંતર શ્રી ઠાકુર પ્રત્યે ખૂબ જ ખેંચાવા માંડ્યું, એટલું જ નહીં, પણ હૃદયનાં ઉંડાણમાંથી પ્રાર્થનાઓ થવા માંડી. તેનો એક જ સૂર હતો. હે ઠાકુર તમારા જેવા દિવ્ય પુરુષનો મને મેળાપ થાય તેવું કરી દો, જેથી તેમના ચરણે હું મારું સર્વસમર્પણ કરી શકું! પાંચ વરસની આ એકધારી પ્રાર્થનાઓના જાણે પ્રત્યુત્તરરૂપે રાજકોટમાં પંચનાથ મહાદેવમાં શ્રીયોગેશ્વરજીનાં ગોઠવાયેલ પ્રવચનોની જાણ તેમને છાપાથી થઈ. શ્રી યોગેશ્વરજીની વાણી સાંભળતાં જ એમના અંતરે ટાઢક અનુભવી. પૂર્વજન્મના સંસ્કારોને પરિણામે આમ બન્યું. તે પછી ભરૂચ ખાતેની ધ્યાન સાધના શિબિરમાં જોડાયા. આથી રાજકોટમાં જાગેલ સંસ્કારો પુષ્ટ બન્યા. તેથી શ્રી યોગેશ્વરજીની સેવા કરવાની ઈચ્છા જાગી. એટલું જ નહીં, તેમની સેવા પરાયણતા ને ભાવ જોઈને પૂ.શ્રીને પણ તેમની પ્રત્યેભાવ પ્રકટ્યો. જેના પરિણામે પૂ.શ્રી સાથે તેમની આત્મીયતા પ્રસ્થાપિત થઈ ગઈ. જેથી તેઓ પૂ.શ્રીને દક્ષિણ ભારતની યાત્રાએ પોતાના વાહનમાં લઈ ગયા.

### શ્રી શાન્તિભાઈની વિશેષતાઓ

આપણે જોયું કે શ્રી શાન્તિભાઈનો અભ્યાસ ખાસ નહીં. પણ એક સાહસીક પરિશ્રમી વેપારી ૧૯૭૧માં શ્રી રામકૃષ્ણદેવ ને વિવેકાનંદજીનાં પુસ્તકો વાંચ્યા પછી જીવનમાં પહેલીવાર આધ્યાત્મિક ઉઘાડ આવ્યો. પરિણામે કોઈ સારા ઠાકુર જેવા ઈશ્વરદર્શી સંત મળી જાય તો જીવનમાં ધન્યતા અનુભવાય. તે માટેની પ્રાર્થનાઓ પણ હૃદયના ઉંડાણમાં થતી રહેતી. તેના પરિણામે પાંચ છ વર્ષ પછી પૂ.શ્રીના પરિચયમાં આવ્યા ને જીવન બદલાયું.



શ્રી શાન્તિભાઈના જીવનને ખૂબ નજીકથી જોવાની તક મને બે રીતે મળી છે. છેલ્લા સાતેક વર્ષથી દર વર્ષે મારે સત્સંગ માટે રાજકોટ જવાનું થાય છે. ત્યારે મારો ઉતારો તેમને ત્યાં જ હોય છે. વળી સ્વર્ગારોહણમાં પણ એક જ રૂમમાં છેલ્લા પાંચેક વર્ષેથી રહેવાનું બને છે. પરિણામે તેમની દૈનિક ક્રિયાઓ કેવી રહે છે, તે પ્રત્યક્ષ નિહાળવાનું બને છે.

શ્રી શાન્તિભાઈ નિયમોના ચુસ્ત છે. કહો કે તેમનું જીવન ખૂબ જ નિયમ બદ્ધ છે.

ખાવાપીવાની ટેવો પણ સાદી. ઘરે મેં શાન્તિભાઈને સવારે ચા–નાસ્તો કરતાં જોયા છે. પરંતુ સ્વર્ગારોહણમાં ગમે તેટલા દિવસ રહે પણ કદીયે તેઓને ચાને યાદ કરતા પણ જોયા નથી. એટલે તેઓ કદી વ્યસનમાં બદ્ધ નથી. કોઈપણ પરિસ્થિતિ તેમને અકળાવી શકતી નથી. પ્રાપ્ત વાતાવરણમાં તેઓ પોતાની જાતને સહજ રીતે ગોઠવી દેતા જોયા છે છતાં તેઓ પોતાના રોજીંદા જીવનના નિયમો–જેવા કે વ્યાયામ, પ્રણામ અને પ્રાર્થના માટેનો સમય કાઢી જ લે.

શ્રી શાન્તિભાઈનું ખાવાનું ખૂબ સાદુ. દાળ, શાક ને રોટલી કે રોટલો. ખીચડી, ને છાસ. મિષ્ટાન તેમને ગમે પરંતુ તેમાં ક્યાંય અકરાંતિયાની જેમ ભાવતી વસ્તુ ખાઈ લેતા જોયા નથી. એટલે એમના ખાનાપાનમાં પરિમિતતા જણાઈ આવે.

બેશક તેઓ સંસારમાં રહે છે, પણ સંસાર તેમના મનમાં પ્રવેશતો જણાતો નથી. સૌથી મહત્ત્વની તેમના જીવનની વાત હોય તો સંપત્તિ આવ્યા પછી પણ તેઓ તેમાં આસક્ત થયા નહીં. મને એ કહેતાં જરાય અતિશયોક્તિ નથી લાગતી કે તેઓ એક ગૃહસ્થ સંન્યાસી છે.

તેમનું સવાર ઘરે હોય કે આશ્રમમાં પ્રભાતના સાડાચારથી

શરુ થઈ જાય છે. રોજની દૈનિક દૈહીક ક્રિયાઓ પતાવી, સ્નાન કરી તેઓ વ્યાયામમાં આસનો ને પ્રણામ કરવા લાગી જાય છે. ઘણાં અઘરાં આસનો જેવાં કે બદ્ધ પદ્માસન, શીર્ષાસન, પશ્ચિમોત્તાસન બહુ સહેલાઈથી કરી શકે છે. તેમના શરીરમાં સમયસરના વર્ષોના વ્યાયામને લીધે સરસ લચીલાપણુ છે. શરીરનાં બધાં જ અંગો સરસ વળે છે. ઉમ્મરની કોઈ અસર શરીર પર જણાતી નથી.

રોજના સવાર સાંજ થઈ ૫૦૦ પ્રણામ તેઓ કરે છે. તેઓ આ ઉમ્મરે પણ તદ્દન સ્વાલંબી છે. પોતાનાં કપડાં ઘરે ને આશ્રમમાં પણ જાતે જ ધુવે છે. અરે, ઘરે તો પોતાનો ઓરડો જે અભ્યાસ ખંડ, કે સાધના ખંડ જે કહો તે, પોતાની જાતે જ સાફસૂફ કરે છે. વિચારો તો ખરા કે એક કરોડપતિ પંચોતેરની જે ઉમ્મર પછી પણ આટલા સ્વાશ્રયી ને સ્વાલંબી હોય! તેઓ નિયમિત ધ્યાન, જપ ને આધ્યાત્મિક વાંચનમાં જ દિવસનો મોટાભાગનો સમય પસાર કરે છે.

એક બીજી મહત્ત્વની વાત શ્રી શાન્તિભાઈની પત્ની શ્રી લાભુબેન અને પુત્ર શ્રી વિજયભાઈના સાથ સહકાર વગર, તેઓ પોતાની સંપત્તિનું દાન ના કરી શકત. સંસારી ભાવનાવાળા સંતાનો તરત જ કહેત કે અમે બેઠા છીએ અને આ સંપત્તિ આમ લૂંટાવી કાં દો? પરંતુ તેઓ પણ પ્રભુની કૃપાથી ખૂબ સાનુકૂળ છે ને સહકાર ધરતાં રહે છે એક ધર્મોક્તિ છે કે "કોઈનો ભાર ના રાખે મુરારિ રે, આપે વ્યાજ સાથે સૌ વાળી રે." એમ શ્રી વિજયનો પુત્ર શિવમ્ પણ પૂ.માનો શ્રદ્ધેય ભક્ત બાળપણથી જ છે ને હાલ અમેરિકામાં રહી અભ્યાસ કરી રહ્યો છે, છતાં પશ્ચિમની ભૌતિકવાદી સંસ્કૃતિથી તે પોતાની જાતને બચાવી શક્યો છે. પૂ.મા શ્રી સર્વેશ્વરીની કૃપા જ કામ કરી રહી



છે, એમ લાગે છે. તેથી જ તેઓએ પૂ.શ્રીએ સર્વમંગલ ટ્રસ્ટની સ્થાપના કરી ત્યારે સૌથી પ્રથમ આજથી ચાલીસ વર્ષ પહેલાં પોતા તરફથી રૂા. ૫૦ હજાર પૂ.શ્રીને ચરણે ધરી શક્યા ને સ્વર્ગારોહણમાં યોગતીર્થના નિર્માણમાં રૂા. ૨૦ લાખ કરતાં વધારે ખર્ચી શકયા.

આવા શાન્તિભાઈ જ પૂ.માના ચરણે અંબાજીના સ્વર્ગારોહણ પાસેની કરોડો રૂપિયાની જમીન, પૂ.મા–પ્રભુના સર્વમંગલ ટ્રસ્ટને ધરી શકયા. હે શાન્તિભાઈ તમે તમારી ગૃહસ્થીને ઉજાળી છે. પૂ.ગુરુદેવ અને પૂ.મામાંની તમારી અતૂટ શ્રદ્ધા ને શરણાગતિ ખરે જ પ્રશંસનીય છે. સંપત્તિની વિપુલતા તમને કદી મોહિત કરી શકી નથી, નહીં તો તમે આવું કરી ના શકો. એથી જ તમારા તા. ૧૫/૦૨/૧૬ના રોજ ૮૦ મા વર્ષમાં પ્રવેશ નિમિત્તે મા–પ્રભુને પ્રાર્થના કરીએ છીએ કે તમને ખૂબ સારું ને તંદુરસ્ત આયુષ્ય આપે ને તમારા દ્વારા આવાં બીજાં અનેક સત્કર્મો થતાં રહે ને તમારો સારો પરિવાર ખૂબ સુખી, સમૃદ્ધ ને પ્રભુપરાયણ બનતો રહે.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# અર્પણ—સમર્પણ

—દર્શના ત્રિવેદી

સ્વર્ગારોહણ તીર્થમાં ઓગસ્ટ મહિનાની તા. ૧૪, ૧૫ અને ૧૬ના દિને પૂ.શ્રીનો પ્રાગટ્યદિન મહોત્સવનો કાર્યક્રમ રાખ્યો હતો. તા. ૧૪—૮—૨૦૧૫ની રાત્રિ બેઠકમાં શ્રી રાજુભાઇ જાની દ્વારા જાહેર કરવામાં આવ્યું કે શ્રી શાંતિકાકાએ પોતાની સ્વર્ગારોહણની પાછળની જમીન પૂ.માપ્રભુને અર્પણ કરી છે. જેની કિંમત હાલમાં લગભગ ૫ કરોડ થાય છે. આ વાત મેં સાંભળી હતી.

૧૫ ઓગસ્ટ પૂ.શ્રીના જન્મોત્સવ બાદ એક દિવસ મેં શ્રી શાંતિકાકાને ફોન કર્યો ને પ્રણામ પાઠવ્યા. મેં પૂ.કાકાને કહ્યું, આપતો સત્કર્મના પ્રેરણાસ્ત્રોત છો. અર્પણ કરવું એ તો એક મહાન અને પવિત્ર કાર્ય છે; ઉત્તમ કર્મ અને ધર્મ છે; આત્માનો દિવ્ય ગુણ છે કાકા, આપની ‘‘ભૂમિ અર્પણ’’ વિધિ એ તો મારા મનમાં ઇતિહાસના મહાદાનવીરોની યાદ તાજી કરી દીધી. જેઓની ગૌરવગાથાથી ભારતનો ઇતિહાસ દૈદીપ્યમાન છે.

(૧) કબૂતરની પ્રાણ રક્ષા માટે પોતાના શરીરનું માંસ આપવાવાળા રાજા શિબિ.

(૨) યાચક માટે પોતાના શરીરના કવચ—કુંડળ આપવાવાળા ઉદાર—કર્ણ

(૩) સિંહથી ગૌ—માતાની પ્રાણ રક્ષા કરવા માટે પોતાના શરીરને સમર્પિત કરવાવાળા મહારાજ દિલિપ.

(૪) સ્વયં ભૂખની આગમાં તડપતા હોવા છતાં ભૂખ્યા જીવોને જોઇને અન્ન—જળનું દાન કરવાવાળા રાજા રન્તિદેવ.



(૫) ધર્મની રક્ષા કરવાવાળા માટે પોતાનું રાજ—પાટ—પુત્ર—પત્ની સૌને દાવપર લગાડી દેવાવાળા સત્યવાદી રાજા હરિશચંદ્ર.

આધુનિક યુગમાં પણ દાની—પરોપકારી મહાપુરુષોથી ભારતની ભૂમિ ખાલી નથી રહી.

(૧) ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર દ્વારા પ્રત્યેક જરૂરતમંદ—ગરીબ માટે અપાયેલો દાન—સહયોગ.

(૨) મહામના મદનમોહન માલવિયાજી દ્વારા બનારસ હિન્દુ—વિશ્વવિદ્યાલયને માટે પોતે અર્પણ કરેલું દાન અને લોકો પાસેથી દાન સહયોગ એકત્ર કરવા માટે કરેલો અથાગ પરિશ્રમ

(૩) શ્રી વિનોબા ભાવેએ કરેલી ભૂદાન ચળવળ.

આ લોકોને ધારણ કરીને ધરા ધન્ય થઇ ગઇ. માનવતાના ભાલ પર આ લોકો આજે પણ તિલકની જેમ સુશોભિત છે.

મેં ઉપર મુજબની વાત કહી તો પૂ.કાકા કહે, બેન હું તમને મારી વાત કહું

હું હંમેશાં ઠાકુરને (શ્રી રામકૃષ્ણદેવ) પ્રાર્થના કરતો, ‘‘મને તમારા જેવા જ મહાપુરુષ મળે.’’ મારી પ્રાર્થના ઠાકુરે સૂક્ષ્મ જગતમાં સાંભળી. અને મને પૂ.શ્રી ગુરુદેવ મળ્યા. એમનાં દર્શન કરતાં જ એમ લાગ્યું કે ‘‘આ મહાપુરુષ સૃષ્ટિને ચલાવનારી શક્તિ જ છે.’’

‘એમનું ચાલવું એમનું બોલવું!’

વાત આગળ વધારતાં પૂ.કાકાએ કહ્યું ૧૯૭૭ની શિબિરની વાત છે એમાં મારા બે સંકલ્પો હતા. જેના માટે હું વારંવાર

સીધી–સાદી પ્રાર્થના કર્યા કરતો મેં પૂછ્યું : કાકા, એ સંકલ્પો કયા કયા? પૂ.કાકાએ જવાબ આપ્યો

(૧) મારી સંપત્તિ અને આ શરીર તથા આયુષ્ય તમારુ જ છે, તેનો તમને યોગ્ય લાગે તેમાં ઉપયોગ કરજો.

(૨) મારા ભાગીદાર મારાથી છૂટા થયેલા ત્યારે મેં નક્કી કરેલું કે કોઇ માણસ સાથે હવે ભાગીદારી નહીં. પ્રભુ જ મારા ભાગીદાર, ઠાકુર સાથે જ ભાગીદારી. એટલે મેં પ્રભુને પ્રાર્થના કરીને કહી દીધું હતું કે ''તમારે તમારો હિસ્સો લઇ લેવો. જો તમે ના લો તો તે તમારો દોષ નહીં. અમે ના જાણીએ.''

મારા આ બે સંકલ્પોની સીધી સાદી પ્રાર્થના પ્રભુ જાણી ગયેલા. અને સમયે સમયે પ્રાર્થનાનો પ્રત્યુત્તર પ્રભુ વાળતા. પૂ.શાંતિકાકા કહે એટલે પ્રભુ પોતાનો હક્ક માનીને લેતા. પણ પ્રભુ–આપણે આપીએ એનું અનેક ઘણું પાછું આપી દે. એમની કૃપાથી જ આ પ્રગતિ થાય છે, બાકી મારી એન્જીન્યરીંગની કમાણીનું તો ક્યારનુંય પૂરું થઇ ગયું. એમના કૃપા આશિષથી જ બધું મંગલ થાય છે.

મેં પૂ.કાકાને કહ્યું કે મે આપના સંદર્ભમાં પૂ.શ્રી માને પૂછ્યું કે, મા, આપ કોઇની નાની મોટી વસ્તુ સ્વીકારો છો ને કોઇની નાની મોટી વસ્તુ નથી સ્વીકારતાં તો આનું આધ્યાત્મિક રહસ્ય શું? તો પૂ.શ્રીમાએ કહ્યું, કે ''શાંતિકાકાનું તો પૂર્વ જન્મનું બુકિંગ હતું પૂ.શ્રી માનું નામ સાંભળતાં પૂ.કાકા કહે આ માને તો આપણે પ્રભુનું નાનું સરખું કામ પણ કર્યું હોય તોયે દિલમાં ખૂબ લાગી આવે. માનું દીલ ગદ્ગદ્ થઇ જાય અને આપણા થોડા પ્રેમના બદલામાં આપણને ખૂબ–ખૂબ વાળી દે.''

મા યાદ આપતાં પૂ.કાકા અતિ પ્રસન્ન થઇ ને કહે, એક વાર



પ્રભુ ઈંગ્લેન્ડ હતા ત્યારે પ્રભુને મા જગદંબાએ કહેલું કે, ''દક્ષિણ ભારતની યાત્રા આપણે આપણી ઘરની ગાડીમાં કરવાની છે.''

પ્રભુ ભારત આવ્યા અને જ્યારે દક્ષિણ ભારતની યાત્રા માટે પ્રભુ સાથે અમે સૌ નીકળવાના હતા ત્યારની વાત છે.

ગાડીમાં પ્રથમથી જ હું શ્રી રામકૃષ્ણદેવ, શ્રી શ્રી મા શારદામણિદેવી અને વિવેકાનંદજીનું સ્વરૂપ રાખતો હતો પ્રભુ ગાડીમાં બિરાજમાન થયા ત્યારે તરત જ આ સ્વરૂપ જોઇને બોલ્યા, ''અમે અહીં બેઠા જ છીએ.'' આ વાત કહેતાં કહેતાં પૂ.કાકાના આનંદની સીમાનો પાર ન હતો હું કંઇ કહું તે પૂ.કાકા સાંભળતા જ ન હતા એમના વખાણ સાંભળવા માંગતા જ ન હતા. અને તેમની ભાવવિભોર મનઃસ્થિતિમાં ફોન પૂરો થયો. કેવું નિરાભિમાની પણું!

સ્વર્ગારોહણ તીર્થમાં આપણે સામા મળીએ તો પૂ.કાકા જ આપણને ''જયકૃપાળુ મા'' કહે. પૂ.કાકામાં નમ્રતા તો જાણે ઠાંસી ઠાંસીને ભરેલી છે. આવા ભક્ત–સેવક મહાપુરુષ તો ત્રિલોકમાં વંદનીય છે. એઓશ્રીને મારા લાખ–લાખ વંદન.

વિજય કનેરીયા : ૯૮૨૪૨૧૫૨૬૭, સ્મિતાબહેન : ૯૪૨૮૧૫૬૫૨૩

હાશ®

મગફળી, તલ, ટોપરા, દાળીયાની ચીકી

★ કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ ★

ભક્તિનગર, રેલ્વે સ્ટેશન ચોક, રાજકોટ–૩૬૦૦૦૨

# શ્રી સાંઈનાથ સિદ્ધિગીત

—યોગેશ્વરજી

શિરડી સાંઈબાબાએ જીવનમાં ઘણા ચમત્કારોનાં દર્શન ભક્તોને કરાવ્યાં છે. આ ચમત્કારો તેઓની સિદ્ધિઓનું પરિણામ હતું. આવી ૧૫ મુખ્ય સિદ્ધિઓનું નિરૂપણ પૂ.શ્રી યોગેશ્વરજીએ કાવ્યની સરસ ગેય પંક્તિઓમાં કર્યું છે એટલું જ નહીં, પણ ગાનાર ભક્તના જીવનમાં પણ તેનો આવીર્ભાવ થાય તેવી પ્રાર્થનાને તે સાથે જોડી છે. આ અંકમાં પ્રથમ—ચાર સિદ્ધિઓનું નિરુપણ કરેલ છે. બાકીઓનું નિરુપણ ક્રમશઃ કરતા રહીશું.

પૂ.યોગેશ્વરજીએ રચેલ શ્રી સાંઈબાબાની સ્તુતિ ને આરતી. ઘણા વાંચકોને ગમી હોવાથી અમે પૂ.યોગેશ્વરજીએ સાંઈબાબા વિષે રચેલ કાવ્યકૃતિઓ રજુ કરીએ છીએ જે 'સાંઈ સંગીત' ગીત સંગ્રહમાં ૬૦ વર્ષ પહેલાં પ્રસિદ્ધ થયેલ. હાલ આ ગીત સંગ્રહ ઉપલબ્ધ નથી. —તંત્રી

### ★ સાંઈનાથ સિદ્ધિગીત ★

(૧)

દીપક માટે તેલ લાવતા, તમે ગામથી માગીને,
દીપક આખી રાત બાળતા, સાધન કરતા જાગીને;
દુકાનદારોએ ના આપ્યું, તેલ એક દિવસે તમને.
પાણીદ્વારા દીપક બાળ્યા, તે દિનથી સઘળાય તમે,
શક્તિ એવી દિવ્ય તમારી, યોગીવર સંપૂર્ણ તમે;
પ્રેમ કરીને વંદન કરીએ, સ્મરણ કરીએ આજ અમે.



અંતરના દીપક પેટાવો, પ્રેમ પ્રકાશ ભરી એમાં;
જીવનની જડતા જાયે ને, અજવાળું થાયે તેમાં.

(૨)

કરો રસોઈ ત્યારે સાધન વિના ઉકળતી દાળમહીં,
બાંય ચઢાવી હાથ ફેરવો, કદી શાક ને દાળમહીં;
અગ્નિને અડતા'તા તો પણ, ઉની આવતી આંચ નહીં,
અગ્નિના પર વિજય તમારો, ઉની આવતી આંચ નહીં,
શક્તિ એવી દિવ્ય તમારી, યોગીવર સંપૂર્ણ તમે;
પ્રેમ કરીને વંદન કરીયે, સ્મરણ કરીએ આજ અમે.
કામ ક્રોધ ને વિકાર ચિંતા, સંકટ અગ્નિ જલી રહ્યા,
જલાવી શકે તે ના અમને, જીવો જેમાં જલી રહ્યા.

(૩)

'કૂવામાં પાણી ખૂટ્યું છે,' ભક્તજનોએ એમ કહ્યું,
તમે તરત બોલ્યા કે 'લો, આ પ્રસાદ મારો આજ દઉં;'
પ્રસાદનું પતરાળું મારું, કૂવામાં નાખી દેજો,
'ભગવાન ભલું કરે તમારું' શ્રદ્ધાથી નાખી દેજો.
કૂવામાં પતરાળું નાખ્યું ભક્તોએ, પાણી પ્રકટ્યું,
હજીય પીવાયે એ પાણી અમૃતશું પાણી પ્રકટ્યું.
શક્તિ એવી દિવ્ય તમારી, યોગીવર સંપૂર્ણ તમે,
પ્રેમ કરીને વંદન કરીએ, સ્મરણ કરીએ આજ અમે.
કૃપા કરીને પ્રસાદ આપો, ભક્તિનાં ઝરણાં ફૂટે;
પ્રેમ હૃદયમાં જાગી જાયે, અશાંતિ ને બંધન તૂટે.

# પ્રજાસત્તાક પર્વની ઉજવણી

—તંત્રી

ભારતના ૬૬મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિમિત્તે સ્વર્ગારોહણમાં તા. ૨૬ જાન્યુઆરીએ ધ્વજવંદન કરવામાં આવ્યું. શ્રીમતી સુશીલાબેન ભક્તે ધ્વજ લહેરાવ્યો તો શ્રી કલ્યાણે ધ્વજની ગોઠવણી કરી. શ્રી નિલેશ ટેલર, અજય કલોલા અને યુવાન દીકરીઓએ રાષ્ટ્ર ભક્તિનાં ગીતો ગાઈ, વાતાવરણને દેશભક્તિથી ભરી દીધું.

પૂ.માશ્રી સર્વેશ્વરીએ પણ આ પ્રસંગે ખાસ હાજરી આપી. ઉત્સાહી સાધકો ને બાળકોએ રાષ્ટ્રધ્વજ લહેરાવી પ્રસંગોચિત ગીતો ગાઈ આનંદની અભિવ્યક્તિ કરી.

**'સંતવાણી' કાવ્ય સંગ્રહનું વિમોચન**

પ્રો. તરલાબેન દેસાઈએ પૂ.શ્રી યોગેશ્વરજીએ સને ૧૯૪૩માં દશરથાચલ પર્વત પરની પોતાની સાધના દરમ્યાન જે પ્રેમ—ભક્તિનાં ગીતોની રચના કરી, તેવાં ૧૭૩ ગીતોના સંગ્રહ સંતવાણી પુસ્તકનું વિમોચન પણ કર્યું ને ઉપસ્થિત સર્વ સાધકોને પરિવારદીઠ એક પુસ્તક ભેટ આપ્યું.

આ પુસ્તક વિષે વધુ વિગતો માર્ચ ૧૬ના અંકમાં રજૂ કરવામાં આવશે.



# ચિત્તની એકાગ્રતા અને એ એકાગ્રતા કેમ સાધવી?

—સંત વિનોબા

આજના યુગમાં જૂજ અપવાદ સિવાય, માણસ માત્રની એ સમસ્યા રહી છે કે ચિત્તની એકાગ્રતા કે સ્થિરતા શી રીતે સધાય?

આનો ઉપાય તો તે જ બતાવી શકે જેણે તે સાધી હોય. આપણા યુગમાં ઘણા સંતો થયા, પરંતુ જે વિચારક ને ચિંતક હોય ને ચિત્તની એકાગ્રતા પ્રાપ્ત સ્થિતિમાં જીવ્યો હોય, તેવા સંત વિનોબાજી થયા. તેમના અનુભવો ને માર્ગદર્શન સામાન્ય માનવને પણ ઉપયોગી હોઈ આ લેખ તેઓશ્રીનાં 'ગીતા પ્રવચનો'માંથી મૂક્યો છે. સમજપૂર્વક ધીરેથી તે વાંચશો તો જરૂર ઉપયોગી થશે.

—તંત્રી

**ચિત્તની એકાગ્રતા**

ધ્યાનયોગમાં ત્રણ બાબતો મુખ્ય છે. ૧. ચિત્તની એકાગ્રતા, ૨. ચિત્તની એકાગ્રતાને માટે જરૂરી જીવનની પરિમિતતા એટલે કે તેનું માપસરપણું અને ૩. સામ્યદશા અથવા સમદૃષ્ટિ. આ ત્રણ બાબતો વગર સાચી સાધના થાય નહીં. ચિત્તની એકાગ્રતાનો અર્થ છે ચિત્તની ચંચળતા પર અંકુશ. જીવનની પરિમિતતા એટલે સર્વ ક્રિયાઓ માપસર હોય તે. અને સમદૃષ્ટિ એટલે વિશ્વ તરફ જોવાની ઉદાર દૃષ્ટિ. આ ત્રણ વાતો મળીને ધ્યાનયોગ બને છે. આ ત્રણે સાધનોની કેળવણીને માટે વળી બીજાં બે સાધનો છે. તે છે અભ્યાસ અને વૈરાગ્ય. આ પાંચે બાબતોની થોડી ચર્ચા કરીએ.

પહેલી ચિત્તની એકાગ્રતા. કોઇ પણ કામને માટે ચિત્તની એકાગ્રતા જરુરી છે. વહેવારની વાતોમાં પણ એકાગ્રતા જોઇએ છે. વહેવારના ગુણો જુદા ને પરમાર્થના ગુણો જુદા એવું કંઇ નથી. વહેવાર શુદ્ધ કરવાનો તેનું જ નામ પરમાર્થ છે. કોઇ પણ વહેવાર કેમ ન હોય, તેમાંનો જશ–અપજશ તમારી એકાગ્રતા પર આધાર રાખે છે. વેપાર, વહેવાર, શાસ્ત્રશોધન, રાજકારણ, મુત્સદ્દીગીરી ગમે તે લો; હરેકમાં જે સફળતા મળશે તેનો આધાર તે તે પુરુષની ચિત્તની એકાગ્રતા પર છે. નેપોલિયનને વિષે એમ કહેવાય છે કે એક વખત યુદ્ધની વ્યવસ્થા બરાબર ગોઠવી દીધા પછી રણક્ષેત્ર પર તે ગણિતના સિદ્ધાંત ઉકેલવા બેસી જતો. તંબૂ પર ગોળા પડે, માણસો મરતાં હોય પણ નેપોલિયનનું ચિત્ત બસ ગણિતમાં મશગૂલ. નેપોલિયનની એકાગ્રતા બહુ જબરી હતી એમ મારું કહેવું નથી. એના કરતાં ઊંચા પ્રકારની એકાગ્રતાના દાખલા બતાવી શકાય. પણ તેની પાસે એકાગ્રતા કેટલી હતી તે જોવાનું છે. ખલીફ ઉમરની એવી જ વાત કહેવાય છે. લડાઇ ચાલુ હોય ત્યારે પણ પ્રાર્થનાનો વખત થતાંની સાથે ચિત્ત એકાગ્ર કરી ઘૂંટણિયે પડી રણાંગણમાં ભર લડાઇની વચ્ચે તે પ્રાર્થના કરવા માંડતો. અને પ્રાર્થનામાં તેનું ચિત્ત એટલું નિમગ્ન થઇ જતું કે કોનાં માણસો કપાય છે તેનો ખ્યાલ પણ તેને રહેતો નહીં. પહેલા મુસલમાનોની આવી પરમેશ્વરનિષ્ઠાને લીધે, આ એકાગ્રતાને લીધે જ ઇસ્લામ ધર્મનો ફેલાવો થયો.

પેલે દિવસે એક વાત મારા સાંભળવામાં આવી. એક મુસલમાન સાધુ હતો. તેના શરીરમાં બાણ પેઠું. તે બાણને લીધે તેને ખૂબ વેદના થતી હતી. બાણ કાઢવા જાય તો હાથ



લગાડતાંની સાથે વેદના વધારે થતી. આમ એ બાણ કાઢવાનું પણ બને એમ નહોતું. આજે નીકળી છે તેવી બેભાન કરવાની કલોરોફોર્મ જેવી દવા પણ તે વખતે નહોતી. મોટો સવાલ ઊભો થયો. તે સાધુ વિષે જે લોકોને માહિતી હતી તેમાંના કેટલાક જણે આગળ આવીને કહ્યું, 'અત્યારે બાણ કાઢવાનું રહેવા દો. આ સાધુ પ્રાર્થનામાં બેસશે એટલે પછી તે બાણ કાઢીશું.' સાંજે પ્રાર્થનાનો વખત થયો. સાધુ પ્રાર્થનામાં બેઠો. એક પળમાં તેના ચિત્તની એવી એકાગ્રતા થઇ ગઇ કે પેલું બાણ તેના શરીરમાંથી ખેંચી કાઢ્યું તોયે તેને તેનું ભાન સરખું ન થયું. કેટલી બધી આ એકાગ્રતા!

સારાંશ, વહેવાર હો કે પરમાર્થ હો, તેમાં ચિત્તની એકાગ્રતા વિના જશ મળવો મુશ્કેલ છે. ચિત્ત એકાગ્ર થાય તો સામર્થ્ય કદી ઓછું નહીં પડે. તમે સાઠ વર્ષની ઉંમરે પહોંચ્યા હશો તોયે એકાદ જુવાન આદમીના જેવો તમારો ઉત્સાહ ને તમારું સામર્થ્ય દેખાશે. માણસ જેમ જેમ ઘરડો થતો જાય તેમ તેમ તેનું મન કઠણ થતું જવું જોઇએ. ફળનું જુઓને! પહેલાં તે કાચું, લીલું હોય છે. પછી પાકે છે, સડી જાય છે, કોહી જાય છે અને નાશ પામે છે. પણ પેલું અંદરનું બી કઠણ ને કઠણ થતું જાય છે. બહારનું કલેવર સડી જાય, ખરી જાય; પણ બહારનું કલેવર ફળનું સારસર્વસ્વ નથી. ફળનું સારસર્વસ્વ, તેનો આત્મા બી છે. શરીરનું પણ એવું જ છે. શરીર ઘરડું થાય તો પણ યાદદાસ્ત વધતી જ જવી જોઇએ. બુદ્ધિ તેજસ્વી થતી જ જવી જોઇએ પણ એવું થતું નથી. માણસ કહે છે, 'હમણાં હમણાંનું કંઇ યાદ રહેતું નથી.' કેમ? 'હવે ઉંમર થઇ.' તારું જ્ઞાન, તારી વિદ્યા, તારી યાદદાસ્ત એ તારું બી છે. શરીર ઘરડું થતાં જેમ જેમ ઢીલું પડતું

જાય તેમ તેમ અંદરનો આત્મા બળવાન થવો જોઈએ. એટલા સારુ એકાગ્રતા જોઈએ.

### એકાગ્રતા કેમ સાધવી

એકાગ્રતા જોઈએ તો ખરી, પણ તે કરવી કેવી રીતે? તે સારુ શું કરવું જોઈએ? ભગવાન કહે છે, આત્મામાં મન પરોવી **न किंचिदपि चिंतयेत्**—બીજા કશાનું ચિંતન ન કરવું. એ વાત સધાય કેવી રીતે? મન નિતાંત, શાંત, સ્વસ્થ કરવાની વાત બહુ મહત્ત્વની છે. વિચારનાં ચક્રો જોર કરીને ફરતાં અટકાવ્યા વગર એકાગ્રતા કેવી? બહારનું ચક્ર ગમે તેમ એક વાર ફરતું અટકાવી શકાય, પણ અંદર ચક્ર ફર્યા જ કરે છે. ચિત્તની એકાગ્રતાને માટે બહારનાં સાધનો જેમ જેમ બતાવીએ તેમ તેમ આ અંદરનું ચક્ર વધારે ને વધારે જોરથી ફરવા માંડે છે. તમારે જોઈએ તો આસન વાળો, ટટાર બેસો, નજર સ્થિર કરો, પણ એટલાથી મનને એકાગ્ર નહીં કરી શકાય. મુખ્ય વાત એ છે કે મનની અંદરનું ચક્ર ફરતું બંધ કરતાં આવડવું જોઈએ.

બહારનો અપરંપાર સંસાર મનમાં ભરેલો હોય છે. તેને રોક્યા વગર એકાગ્રતા અશક્ય છે. આપણા આત્માની અપાર જ્ઞાનશક્તિ બહારની ક્ષુદ્ર વસ્તુઓમાં આપણે વાપરી નાખીએ છીએ. પણ એમ ન થવું જોઈએ. જેમ બીજાને ન લૂંટતાં પોતાની મહેનતથી પૈસાદાર થયેલો માણસ ખોટી જગ્યાએ પૈસા નહીં ખરચે તેમ આપણા આત્માની જ્ઞાનશક્તિ આપણે નજીવી ચીજોના ચિંતનમાં વાપરી ન નાખીએ. આ જ્ઞાનશક્તિ આપણી અણમોલ મૂડી છે. પણ સ્થૂળ વિષયોમાં આપણે તેને વાપરીએ છીએ આ શાક સારું થયું નથી. એમાં મીઠું ઓછું પડ્યું છે. કેટલી રતી અલ્પા ઓછું પડ્યું? મીઠાની અરધી કણી ઓછી પડી



એ મહાન વિચારમાં ને વિચારમાં આપણું જ્ઞાન વપરાઈ જાય છે. નાના છોકરાને નિશાળની ચાર દીવાલ વચ્ચે ગોંધીને ભણાવે છે. ઝાડ નીચે લઈ જઈને બેસાડીએ તો કહે છે કે કાગડા ને ચકલાં જોઈને તેમનું મન એકાગ્ર નહીં થાય! આખરે નાનાં છોકરાં રહ્યાં! કાગડા ને ચકલાં જોવાનાં ન મળે એટલે થઈ ગઈ તેમની એકાગ્રતા! પણ અમે થયા ખાસા ઘોડા જેવા. અમને શિંગડાં ઊગ્યાં. સાત સાત દીવાલની પાછળ અમને પૂરો તોયે અમારી એકાગ્રતા નહીં થાય. કારણ કે દુનિયાની ઝીણામાં ઝીણી વાતની અમારે ચર્ચા કરવાની રહી! જે જ્ઞાન ખુદ પરમેશ્વર સુધી પહોંચી શકે તે શાકના સ્વાદની ચર્ચા કરવામાં અમે બગાડીશું ને તેમાં જ કૃતાર્થતા પણ માનીશું!

આવો આ ભયાનક સંસાર રાત ને દિવસ આપણી અંદર ને બહાર ઘુઘવાટા મારે છે. પ્રાર્થના અથવા ભજન કરવામાં પણ આપણો હેતુ બાહ્ય હોય છે. પરમેશ્વર સાથે તન્મય થઈ, ચાલો એક ક્ષણભર પણ સંસારને ભૂલી જઈએ એવી આપણી ભાવના નથી. પ્રાર્થના પણ એક દેખાવ, એવી જ્યાં મનની સ્થિતિ હોય ત્યાં આસન વાળી બેઠા તોયે શું ને આંખો મીંચી તોયે શું? બધું ફોગટ છે. મન એક સરખું બહાર દોડ્યા કરે છે. તેથી માણસનું બધું સામર્થ્ય નાશ પામે છે; કોઈ પણ પ્રકારની વ્યવસ્થા, નિયંત્રણશક્તિ માણસમાં રહેતી નથી. આ વાતનો અનુભવ આપણા દેશમાં આજે ડગલે ન પગલે થાય છે. ખરું જુઓ તો ભારતવર્ષ એટલે પરમાર્થની ભૂમિ. અહીંના માણસો મૂળથી જ ઊંચા વાતાવરણમાં રહેનારાં મનાય છે. પણ એ જ દેશમાં તમારી અને અમારી, આપણી શી દશા થઈ તે જુઓ! છેક નાની નાની બાબતોમાં આપણે એટલું ઝીણું કાંતીએ છીએ કે તે જોઈને

ખરેખર ખેદ થાય છે. નજીવા વિષયોમાં મન ગૂંથાઇ રહેલું છે.

કથાપુરાણ સાંભળવા જઇએ છીએ ત્યાં ખરેખર ઊંઘ આવી જાય છે અને ખાટલા પર જઇને પડીએ છીએ ત્યારે મન ફિકરચિંતાથી ઘેરાઇ જાય છે. કર્મની એવી ગહન ગતિ છે તેનું રડવું શું? કથાપુરાણ સાંભળવાને જાઓ છો તો ઊંઘ ચડી બેસે છે, અને ઊંઘને શોધવા નીકળો છો તો ત્યાં ચિંતા ને વિચારનું ચક્કર ફરવા માંડે છે. એક તરફ શૂન્યાગ્રતા છે ને બીજી તરફ અનેકાગ્રતા છે. એકાગ્રતા ક્યાંયે નથી. એટલો માણસ ઇન્દ્રિયોનો ગુલામ બન્યો છે. એક વાર એક જણે મને પૂછ્યું, ''આંખ અર્ધી ઉઘાડી રાખવી એમ શું કામ કહ્યું છે?'' મેં તેને કહ્યું 'તમારા સવાલનો સાદો જવાબ આપું. આંખ પૂરી મીંચી દેવાથી ઊંઘ આવે છે; બરાબર જોર કરીને ખુલ્લી રાખો તો ચારે બાજુ નજર ફરતી રહીને એકાગ્રતા થતી નથી. આંખ મીંચવાથી ઊંઘ આવે એ તમોગુણ થયો. જોર કરીને ખુલ્લી રાખવાથી નજર બધે ફર્યા કરે છે એ રજોગુણ થયો. એટલા ખાતર વચલી સ્થિતિ બતાવી છે.' ટૂંકમાં, મનની બેઠક બદલ્યા વગર એકાગ્રતાની આશા ન રાખવી. મનની બેઠક શુદ્ધ જોઇએ. કેવળ આસન વાળીને બેસવાથી તે નહીં મળે, તે માટે બધા વહેવાર શુદ્ધ કરવા જોઇએ. વહેવાર શુદ્ધ કરવો એટલે વહેવારનો ઉદ્દેશ બદલવો જોઇએ. વ્યક્તિગત લાભ નજરમાં રાખી, વાસનાની તૃપ્તિને સારુ અથવા એવી જ બીજી બહારની બાબતોને સારુ વહેવાર ન કરવો જોઇએ.

આપણે આખો દિવસ વહેવારમાં ગૂંથાયેલા રહીએ છીએ. દિવસભર ચાલુ રહેલી ઊઠવેઠનો હેતુ શો?



**'याजसाठीं केला होता अट्टहास। शेवटचा दीस गोड व्हावा ॥'**

આખરનો દિવસ રૂડો થાય તે સારુ બધી તન તોડીને મથામણ કરી હતી. તન તોડીને કરેલી બધી મથામણ, બધી દોડાદોડ છેલ્લો દિવસ રૂડો થાય માટે કરવાની છે. આખો જન્મારો કડવું ઝેર પચાવીએ છીએ. શા સારું? તે છેવટની ઘડી, તે મરણ પવિત્ર થાય તે સારું. દિવસની છેવટની ઘડી સાંજે આવે છે. તે તે દિવસનું બધું કર્મ પવિત્ર ભાવનાથી કર્યું હશે તો રાતની પ્રાર્થના મીઠી થશે. દિવસની એ છેવટની ઘડી રૂડી નીવડી તો દિવસનું બધું કર્મ સફળ થયું જાણવું. પછી મારા મનની એકાગ્રતા થશે.

એકાગ્રતાને માટે આવી જીવનની શુદ્ધિ જરુરી છે. બહારની વસ્તુનું ચિંતન છૂટી જવું જોઇએ. માણસની આવરદા આમ જુઓ તો ઝાઝી નથી. પણ એટલી ટૂંકી આવરદામાંયે પરમેશ્વરી સુખનો અનુભવ મેળવી આપવાનું સામર્થ્ય છે. બે માણસો એક જ બીબામાં ઢાળેલાં, એક જ ઘાટનાં હોય છે. બે આંખ, તે આંખની વચ્ચે પેલું એક નાક, અને તે નાકને બે નસકોરાં છે. આવું એ બધું એકસરખું હોવા છતાં એક માણસ દેવ જેવો થાય છે ને બીજો પશુ જેવો થાય છે, એમ કેમ થતું હશે? એક જ પરમેશ્વરનાં બાળ.

**'अवधी एकाचीच वीण'**

બધાં એક જ પેટનાં. આમ છતાં આવો ફેર કેમ પડે છે? એ બે માણસોની જાત એક જ છે એ વાત ગળે ઊતરતી નથી. એક નરનો નારાયણ ને બીજો નરનો વાનર!

# મૌન એકાંત પર્વમાં સાધકોની સાધના

—જ્યોત્સ્નાબહેન ત્રિવેદી

શ્રી શ્રી માએ આ વર્ષ પોતાની વયનાં ૭૨ વર્ષ પ્રમાણે ૭૨ દિવસનું મૌન એકાંત પર્વ ઉજવ્યું. શ્રી શ્રી માએ ૬૦ મા વર્ષે પણ તે રીતે ભારતમાં પણ ઉજવેલું, પણ ત્યારે સાધકોએ શ્રી શ્રી મા સાથે સાધના નહોતી કરી. આ પર્વની વિશેષતા એ હતી કે આબાલ વૃદ્ધ કહી શકાય તેવા બધા જ સાધકો શ્રી શ્રી મા સાથે જપ્યા, તપ્યા, અને ભજ્યા. આપણે તેમાંના કેટલાંક સાધકોના અનુભવ જાણીએ.

શ્રી જગનિર્મલ માટે ૨૦૧૫નું વર્ષ એક અદ્ભુત વર્ષ છે, જેમાં સૌથી અધિક શ્રી શ્રી માનું સાન્નિધ્ય મળ્યું છે. ઐતિહાસિક નવરાત્રિના ૫૦ વર્ષની તપસ્યાની એક અદ્ભુત નવચંડી દ્વારા ઉજવણી, પણ થોડું આપે તે મા શાનાં? તો શ્રી જગનિર્મલની પસંદગી મૌન એકાંત પર્વમાં પણ થઈ. ૧૧–૦૮–૨૦૧૫ થી પ્રારંભ પામેલા મૌન એકાંત પર્વનું સ્થળ સરવર તીરે હતું. જે ગામનું નામ હતું મીન્ડન અને સરોવરનું નામ 'સાઉથ બ્લોક'. સંપૂર્ણ પણે કુદરતને ખોળે જેટલી સુંદરતા હતી તેથી પણ વધુ સુંદર ને તીવ્ર માની સાધના હતી. તેઓ શ્રી તેના સાક્ષી હતાં. એ અદ્ભુત સાધનાને નિહાળવાનો, સાથે રહેવાનો અને તેનાથી પ્રેરિત થઈ સાધના કરવાનો અનન્ય લ્હાવો મળ્યો.

શ્રીમતી વિમળા બ્હેન શાહ ૧૨મીથી આ મૌન એકાંત પર્વનો લાભ લઈ શક્યાં. તા. ૧૩મીથી તેમની સાધના શરુ થઈ. ૩૫૬ પ્રણામ, ૨૫૦ માળા, ગીતાજીના ૪ અધ્યાય ૧ વિષ્ણુ સહસ્ર નામ, ૧ શિવમહિમ્ન અન્ય પ્રાર્થનાઓ તથા શ્રી હરિની શબ્દ



યાત્રાનું વાંચન, ફળ, દૂધ પર ઉપવાસ. તા. ૧૪મીથી ૧૭ સુધી સાધનાનો ક્રમ તે જ રહ્યો. પૂ.માની દિવ્ય શક્તિથી જ આ બધી સાધના થઈ શકી તેઓ આ વર્ષમાં ૭૮ વર્ષની ઉંમરે ૭૨ હજાર સાષ્ટાંગ પ્રણામ કરી શ્રી શ્રી માની પ્રસન્નતા મેળવી લેવાનાં છે. પાણીમાં પડે તે વળી ભિંજાયા વગર રહે ખરાં? શ્રી ઉમેશભાઈ લાડને તો કલ્પના જ ન હતી કે તેઓને આવા કોઈ પર્વમાં સામેલ થવાનો લ્હાવો મળશે. પૂ.માની શરુઆતની સાધનાની મૌન મંદિરની વાતો સાંભળી ક્યારેય પોતાને પણ એવો લ્હાવો મળે તેવી ઈચ્છા થયા કરતી અને એ પ્રાર્થના પણ સંભળાઈ ગઈ. તેમને પણ આ દિવ્ય સંન્નિધિનો લાભ મળ્યો.

જીવનમાં પ્રથમવાર આવા સંન્નિધિ પર્વમાં ખૂબ જ સરસ અને વ્યવસ્થિત રીતે સાધના કરી મૌનવ્રત, ફળાહાર, નિર્જળા, શ્રી યોગેશ્વર લીલામૃતનું પારાયણ, પૂ.શ્રી માની આરતી જય જય મા સર્વેશ્વરી કૃપાતણી મહાદેવીના જપ, પ્રણામ, પ્રેમ સંગીતના પાઠો, આ બધું ખૂબ પ્રમાણિકપણે થયું. સાથે "પડદા ઓથે પ્રભુનું પારાયણ થયું."

મૌન એકાંત પર્વમાંથી જીવનનું અનેરું ભાથું મળ્યું. આધ્યાત્મિક માર્ગે આગળ વધવાનું બળ મળ્યું. નિયમ પાલન અને જીવન વિકાસની તાલિમ મળી. મૌનથી વાણીના સંયમની તાલિમ મળી અને પ્રણામથી આરોગ્યની. તો વળી દિવ્ય સંન્નિધિ અને દર્શનનું સુખ મળ્યું.

આ મૌન એકાંત પર્વમાં પાંચ પાંચ દિવસનું પર્વ હતું, તેવાં કુલ ૧૫ પર્વ થયાં હતાં. અને જુદાં જુદાં પર્વોમાં જુદાં જુદાં સાધકોએ ભાગ લીધો હતો.

શ્રી હર્ષદભાઈ તલાટીની તો જાણે બાવની જ સંગિની અને

પ્રણામ આપણા સહુમાં તેમની વિશિષ્ટતા એ છે કે "કલ હો ન હો" એ સૂત્ર ને જીવનમાં ઉતારી તેઓએ ૨૦૧૬ના ૮૫૦૦. ૨૦૧૭, ૨૦૧૮, ૨૦૧૯ અગાઉથી જ ૮૫૦૦ પ્રમાણે પ્રણામ કરી લીધા છે.

શ્રી શ્રી માના ૩૬૫૦ નિર્જળા વ્રત થયા તો તેમણે ૩૬૫૦ વાર "શ્રી રામકૃષ્ણ વંદુ તમોને" તેટલી વાર કરી અને ૭૨ દિવસના મૌન એકાંત માટે દરરોજ ૫૦૦ પ્રણામ તથા ૧૫૫ બાવનીનાં પુષ્પો શ્રી શ્રી માના ચરણે ધર્યાં.

શ્રીમતી રુક્ષમણી બ્હેન લાડે શ્રી હરિની શબ્દયાત્રાનું વાંચન, ગંગાજીના મહાત્મયના પુસ્તકનું પણ વાંચન કર્યું. તેઓ શ્રીએ બે દિવસમાં ૭૦૦ ૐ નમઃ શિવાયની માળા ૧૩૧ પ્રણામ, ૫ શિવ મહિમ્ન, ૫ શિવસ્તુતિ, ૫ પ્રભુની બાવની, ૫ માની બાવની, નિત્ય પ્રાર્થના, ૪ ગીતાના અધ્યાયો અને મૌન. અને પછી પણ મૌનપર્વ ચાલે ત્યાં સુધી દર સોમવારે ને ગુરુવારે ઉઠીને સાંજે ૫ વાગ્યા સુધી મૌન. અનસ્ત સૂર્યનું પારાયણ અને મૌન એકાંતની ડાયરીની શ્રવણ ભક્તિ કરી, તો એમને એમ લાગે છે કે તેઓશ્રી સ્વર્ગલોકમાં છે. આટલી ઉચ્ચ વાણીનો પાર તેઓ શી રીતે પામી શકે? આ વાણી જાણે દિવ્ય દર્શન ધરતી હોય તેવું લાગ્યું.

શ્રીમતી રંજનબહેન લાડને બે દિવસ રહી સાધના કરવા મળી તો જાણે જીવનમાં સોનાનો સૂરજ ઉગ્યાનો અનુભવ થયો. મૌન સાધના, જપ, નિર્જળા કરવા ખૂબ મુશ્કેલ પણ પૂ.માની દિવ્ય શક્તિથી થઇ ગયા. અને ટાઇમટેબલ પ્રમાણે થયા.

શ્રી હરિની શબ્દ યાત્રા અને પદો તેમને મહાપ્રસાદ જેવાં લાગ્યાં. એ પ્રસાદ પામી એમનું જીવન માની વધુને વધુ પ્રસન્નતા પ્રાપ્ત કરે તેવા કોડ જાગ્યા. આ સરવર તીરે તેમને શ્રી ગંગાજી



જેવી અનુભૂતિ થઇ. તેઓએ આ પ્રમાણે સાધના કરી (૧) મૌન, (૨) નિર્જળા વ્રત, (૩) પ્રણામ ૮૦૦૦ (૪) ૧૦૮ માળા (૫) ૧૦૮ વરદ હસ્તની પ્રાર્થના (૬) શ્રી હરિની શબ્દ યાત્રાનું વાંચન.

શ્રીમતી સરોજબ્હેન લાડે પ્રાર્થના માળા વાંચન લેખન મૌન રહીને કર્યું. માનું હૃદય સ્પર્શી લખાણ અને ભાવવાહી પદોનું તો વર્ણન જ શી રીતે થઇ શકે? તેઓને તો એવું લાગે કે કુદરત પણ સહકાર ધરી રહી છે. વનરાજી, પવન દેવતા માને ચામર ઢોળતા હોય તેવું લાગે. સફેદ પક્ષીઓ સરોવર પર ફરતાં દેખાય છે. આઠ દિવસ જીવનનો અમૂલ્ય લ્હાવો અને પૂ.શ્રી મા સાથેની યાત્રા એ પરમ સૌભાગ્ય.

શ્રી ધરા બ્હેન કહે છે કે તેમણે તેમની વિખૂટી પડેલી શ્રદ્ધાને મેળવી. એમના ખોવાયેલા અસ્તિભાવને પૂ.માએ પાછું ધર્યું. ચિંતા દુઃખ, ડર, અને અશાંતિની ઝંઝાળોમાંથી ક્રમશઃ ખેંચીને બહાર લાવ્યાં. સેવાનું સદ્‌ભાગ્ય ધર્યું એમણે સરસ પ્રાર્થના લખી છે.

**આ મનની ચડ ઉતરને શાંત કરી દો,**<br>
**એને મંત્રને ખીલડે બાંધી દો.**<br>
**ચિંતાના ભાર હટાવો,**<br>
**શ્રદ્ધાના દીપ પ્રગટાવો,**<br>
**શ્રી ચરણોમાં મસ્ત બનાવો.**

શ્રી શ્રી માની સંગે વૈકુંઠ વાસનો અનુભવ કર્યો છે ને મનનું ખૂણે ખાંચરેથી શુદ્ધિકરણ કર્યું છે.

શ્રીમતી ગીતાબહેનલાડને ચાર સપ્ટેમ્બરથી નંદભુવનમાં મૌન પર્વમાં રહેવાનું ભાગ્ય મળ્યું. નંદભુવન મૌન મંદિર બની ગયું. અહીં મા જગદંબા પ્રત્યક્ષ પધાર્યાં છે ને પ્રભુની પ્રાપ્તિ કરવા કેવી

સાધના કરવી તેનું જ્ઞાન આપવા ભક્તોને સાન્નિધ્ય ધર્યું છે પૂ.શ્રી માની સાધનાનો ટાઈમ સવારે છ થી રાત્રે ૧૦ સુધીનો હતો.

મૌન મંદિરની સાધનાનો નિત્યક્રમ નીચે પ્રમાણે હતો. ૭ થી ૮—સ્નાન નિત્યક્રમ પ્રણામ પ્રાર્થના ૮ થી ૯.૩૦ મંત્ર જપ

**ફળાહાર**

૧૨.૩૦ થી ૧.૩૦ પ્રાર્થના

૩.૩૦ થી ૪.૩૦ વાંચન, પાઠ, કથા, શ્રવણ, પ્રવચન

**ફળાહાર**

૫.૩૦ થી ૬.૩૦ મંત્ર જપ

૭.૦૦ થી ૮.૦૦ પ્રાર્થના

૯.૦૦ થી ૧૦.૦૦ વાંચન પાઠ કથા શ્રવણ પ્રવચન ૧૦.૦૦ વંદન કરું.

મૌન, ફળાહાર, નિંદા ટીકાથી રક્ષા, પૂ.શ્રીમાનાં પ્રત્યક્ષ દર્શન ન થાય તો અક્ષર દેહનાં દર્શન થતાં.

પૂ.માને દિવ્ય સ્ફુરણારૂપે પ્રભુના પદોની પ્રસાદી ગમે ત્યારે મળતી. સવારે શીર્ષાસન કરતાં કે પ્રણામ કરતાં, કે જપ કરતાં તેઓ કહે છે મારે માટે મૌનનો અનુભવ અઘરો હતો. કોઈની સાથે બોલવાનું નહીં, ફોન પણ કરવાના નહીં. બહારની દુનિયાના સંપર્ક ત્યજવાની અઘરી વાત પૂ.માના સાન્નિધ્યે સરળ બની ગઈ. પડદાની બીજી બાજુએ રહેલી પૂ.માની દિવ્ય દૈવી શક્તિ પડદાની આ બાજુ રહેલા જીવોને પણ પ્રેરણા ધર્યા કરતી.

આ પ્રેરણા મુજબ પ્રણામ, પ્રાણાયામ જપ વાંચન શક્ય બન્યાં. 'પ્રકાશના પંથે'નું પારાયણ કરી એક સમજ આવી પ્રભુ કોઈપણ વસ્તુ કરવા ખાતર નહોતા કરતા પણ જે કંઇ કરે તે શ્રેષ્ઠ. વારસદાર તરીકેની પૂ.માની પસંદગી પણ શ્રેષ્ઠ જ.



વાણીનું મૌન સરળ પણ વિચારોનું મૌન અઘરું તો પૂ.માનું મૌન શી રીતે સમજાય?

અમારા મંગળાના દર્શન રાત્રે દસ વાગે થતાં. પૂ.માના નિયમો પૂર્ણ થાય પછી પૂ.માની કલમ સતત તૈલ ધારા વત ચાલ્યા કરતી. તેનું પણ અમને દર્શન થયું પૂ.માની શ્રી હરિની શબ્દ યાત્રામાંથી મા ભક્તોની પ્રાર્થના સાંભળે છે, તે સત્યની સાક્ષી મળી ગઈ. માનું લેખન આપણા સહુ ભવરણે ફસાયેલા માટે મીઠી વીરડી જેવું છે.

આ દિવસો દરમ્યાન પૂ.શ્રીમાએ ગીતા બ્હેન, જગનિર્મલ નંદ—કપિલા સહુને આશીર્વાદ ધરતાં પદોની રચના કરી સેવાની પ્રસંશા કરી.

ખરેખર મૌન સાધનાના સાત દિવસો સ્વર્ગ સમા લાગ્યા જાણે આદ્યશક્તિ મા જગદંબાના જ નિવાસે નિવાસ હવે બાકીના દિવસો પણ આજ રીતે વિતાવીશું. હે મા! તમે તો પૂર્ણ છો પણ ભક્તોના કલ્યાણ માટે કેટલી કઠિન સાધના કરી રહ્યાં છો હે મા! આવી જ શ્રદ્ધા ભક્તિ અમારા જીવનમાં કાયમ આપજો.


**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) **૨૨૧૩૮૧**, (રહેઠાણ) **૨૩૦૨૨૨**.

# મૌન એકાંત પર્વ—મેબર્લી—મીન્ડન અને પોકોનો

—શ્રી જગુભાઈ મિસ્ત્રી

પૂ.માના મૌન—એકાંત પર્વના પ્રારંભ અને પૂર્ણાહૂતિમાં પૂ.માની અસીમ કૃપાથી ઉપસ્થિત રહેવાનું પરમ સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું. જીવનનો એ અનેરો લ્હાવો.

પૂ.માએ પ્રથમ સાતદિવસનું કાષ્ટમૌન—એકાંત મેબર્લીમાં કર્યું. ત્યારબાદ ચાર અઠવાડીઆના મીન્ડન મુકામે ૧૯ દિવસનું મૌન—એકાંત સેવ્યું. એ દરમ્યાન પૂ.માનું સતત સાન્નિધ્ય મળ્યું. તો વળી પોકોનોમાં પૂર્ણાહુતિ પર્વે પણ ૧૯ દિવસનું પૂ.માનું સાન્નિધ્ય મળ્યું.

મેબર્લીમાં પૂ.માના સાતદિવસના મૌન એકાંત પર્વ દરમ્યાન મને પણ મૌન—સાધનાનો જીંદગીનો પ્રથમ અવસર પ્રાપ્ત થયો. પૂ.મા આટલી બધી પ્રખર સાધના કરી રહ્યાં છે તો આપણે પણ બનતું કરવું જોઈએ, એવા વિચારથી પ્રેરાઈને પ્રથમ ત્રણ દિવસ સતત મૌન, મંત્રજપ અને પ્રેમ—સંગીતના પારાયણનો નિયમ સરસ રીતે પાળી શકાયો. આ કાર્ય કેટલું અઘરું છે તેનો આંશિક ખ્યાલ આવી શક્યો. આ અગાઉના વન—વિહારના દિવસો કરતાં આ મૌન—સાધનાના દિવસો સૌથી અનેરા અને ઉત્તમ છે—ખરી રીતે વિચારતાં તો ''બોનસ''ના દિવસો છે એવું લાગે કે જેમાં વિશેષ સાધના કરી લેવા માટે સંપૂર્ણ સુવિધા અને તક મળી છે તેથી એની પળે પળ કિંમતી છે. અન્ય પ્રવૃત્તિઓમાં સમય વેડફી નાખવાનો નથી અને એ દરેક પળોનું જીવનના વિકાસ માટે વાપરવાની છે, એવું મનમાં સતત અનુભવાતું રહ્યું. સાથે સાથે પૂ.પ્રભુજીને પ્રાર્થના પણ થતી રહી કે એવી તક આપવા માટે આભાર. પૂ.માને પણ સતત મનોમન પ્રાર્થના થતી રહી. મૌન અને સાધના અને પ્રાર્થનાનું જીવનમાં મહત્ત્વ કાંઈક અંશે સમજી શકાયું.

પૂ.માના શ્રી ચરણોમાં પ્રણામ.

કેનેડા



# વેશ્યા અને સાધુ

—યોગેશ્વરજી

એક વેશ્યાને કોઈ સંતપુરુષના દર્શનનો લાભ મળ્યો. સંત સમાગમની તેના પર સારી અસર થઈ. પછી તો તેને સંતના દર્શનની લગની લાગી. તેના મકાન પાસેથી સંતપુરુષ રોજ નદીએ નહાવા જતા હતા. મકાનની બારીમાંથી એ એમનું દર્શન કરી લેતી. તેમ કરવામાં તેને ખૂબ આનંદ આવતો.

સંતપુરુષના પવિત્ર જીવનની તેના પર અસર થવા માંડી. તેને પોતાના પાપમય જીવન પર ઘૃણા થઈ. એક દિવસ તેના દુઃખનો અને અસંતોષનો પાર ન રહ્યો. હિંમત કરીને તે સંતપુરુષ પાસે પહોંચી.

તેણે કહ્યું : 'પ્રભુ! મારા ઘરને તમારાં પગલાંથી પાવન કરશો?'

'જરૂર.' સંતે જવાબ વાળ્યો.

વેશ્યાના આનંદનો પાર ન રહ્યો. તેના ઘરમાં સંતપુરુષની પધરામણી થઈ, તેથી તે ખુશ થઈ. સંતને સુંદર આસન પર બેસાડી તે સામે બેઠી. તેની આંખમાંથી પાણીનાં ઝરણાં ઝરવાં માંડ્યા. તેને મન આજે મહાન ઉત્સવ હતો. સંતપુરુષના સહવાસમાં શાંતિ અનુભવતાં તેણે પૂછ્યું : 'પ્રભુ! મારા ઉદ્ધારનો કોઈ ઉપાય છે?'

'જરૂર છે.' સંતે ઉત્તર આપ્યો : 'પ્રભુનો દરબાર બધા માટે ઊઘાડો છે. જે ધારે તે તેમાં દાખલ થઈ શકે છે. પવન અને પૃથ્વી જેમ સૌને માટે છે, તેમ પ્રભુ પણ સૌના છે. જે ધારે તે

તેમનું શરણ લઈ શકે છે, તેમને પ્રેમ કરી શકે છે ને તેમની કૃપાના પવિત્ર ગંગાજળમાં નહાઈ શકે છે. તેમનું દર્શન કરવાનો પણ સહુને સરખો અધિકાર છે. જે તેમનું શરણ લે—તેમને પ્રેમ કરે, તેમના કૃપાપાત્ર થવા માટે તલસે, તે પોતાનો ઉદ્ધાર કરી શકે છે. તારે માટે પણ તે માર્ગ ઉઘાડો છે, માટે પ્રભુનું શરણ લે. મન, વાણી ને કાયાથી પ્રભુની પૂજા કર, એના દર્શન માટે આતુર બન. પ્રભુના નામમાં રસ પેદા કર.'

વેશ્યાએ એ શબ્દોને હૃદયમાં ઉતારી લીધી—દિલમાં લખી લીધા ને સંત પાસેથી પ્રભુના નામની દીક્ષા લીધી. તેના દિલમાં પ્રકાશ થયો. તે પ્રભુની મહાન ભક્ત બની ગઈ. પાપકર્મમાંથી તેનું મન ઊઠી ગયું. એટલે કે તેણે તેનો વિચાર પણ કર્યો નહીં.

સાર એ છે કે, જે અતિ દુરાચારી છે તેણે પણ ડરવાની જરૂર નથી. પાપી હોય તેણે પણ ડરવાની જરૂર નથી. દુરાચારી ને પાપી પ્રભુનું શરણ લે, ને મન લગાડીને પ્રભુને ભજવા માંડે, તો તે થોડા જ વખતમાં ધર્માત્મા થઈ જાય. અનુપમ શાંતિની પ્રાપ્તિ કરી લે છે. પ્રભુના નામમાં એવી શક્તિ છે, એવો પ્રભાવ છે. પ્રભુની શરણાગતિમાં એવી તાકાત છે. દુરાચારી કે પાપી માણસ પણ સાચા દિલથી પ્રભુનું નામ લે, તો તે આપોઆપ સુધરવા માંડે છે, તેમ પ્રભુની પાસે પહોંચવાની કે પહોંચવાનો પ્રયાસ કરવાથી, મનનો મેલ નીકળી જાય છે. કોઈ કારણથી ઈચ્છા કે અનિચ્છાથી ખરાબ કામ થયાં હોય તો તેને યાદ કરીને બેસી ન રહેવું. પાપ થઈ ગયું તો ભલે. પરંતુ ફરી પાપ કરવાની વૃત્તિ ન હોવી જોઈએ. જે પાપી માણસોએ તે માટે પશ્ચાત્તાપ કર્યો છે તેનો ઉદ્ધાર થયો છે.



# How great my Grandpa is !

–Shivam Kaneria–grand–son of Shantibhai

The first thought that comes to my mind whenever I hear his name is 'the person who introduced Maa Prabhu to me.' Not only me, but he has introduced Maa Prabhu to many others too. I distinctly remember that he would take me to our mandir and show me who Prabhu was and tell his experiences, stories and his unshakable faith in Prabhu. He always said one thing 'we are the richest people ever as we have infinite wealth in from of Maa Prabhu.' This sentence has been engraved in my mind and would never forget it. I give him all the credits for my immovable faith in maa prabhu for it is only because of whom I have got Maa Prabhu. He used to read certain chapters of Prakash na Panthe to me as he knew I loved them as a kid. After reading them, if he knew additional information about that particular prasang, he would elaborate and recreate the whole scenario for me and make me feel as if I was there with Prabhu in that situation. He would recollect his experiences with Prabhu in such detail that I would be amazed how someone can remember everything in that much detail. If only I had a book and pen during those times that I could write everyting down what Motapappa mentioned. Not only about Maa Prabhu but he would also tell me stories about Ramkrishnadev, Shardadevi and Vivekanandji. It's still very fresh in my mind that he used to show a book in which there was a picture depiction of heaven and hell and he used to tell me reasons why heaven is good and why hell is bad alongwith the steps I would have to take to go to either.

I have been fortunate enough to travel with him. One would realize how simplistic and down to earth he is when he travels. He would choose the most ordinary place for accommodation (I can never think of anytime he has ever lived in a hotel, it's always dharmashala), he would choose the simplest places to eat on roadside etc. He has inculcated that in me. We would think that railway station food and water is worst. But he would only refill his bottle from railway station water supply and buy food from the vendors there. Another quality which he has and is very rare is kind heartedness. He cannot see anyone in pain or in need. He would make sure he fulfills everyone's need. He would treat everyone equally and give them best of the bests. He would always be simplistic himself, but wouldn't care for money at all if he is buying something for someone else. It seems he has never ending love for everyone and we should definitely try to learn that in our lives. Till date he washes his clothes and bathroom himself. I have lived by myself for the past 12:5 years and have hardly washes my own bathroom and my clothes by myself, He would never miss a chance to be with MAA whenever he can. Its given that if MAA is in Swargarohan, Motapappa has to be there. He would get up around 4-4:30 am every day and practice meditation and yoga and then do pranams and there. He always tried hard to introduce to me to yoga dedication for pranams, yoga and meditation.

When I look back to all the experiences I have had, all the priceless memories I have acquired, all the things I have learnt and inculcated. I'm forever indebted to Motapappa. I can boldly say that yes I have known and been with a Grishasthi who has lived a life no lesser than a saint.



# સ્વર્ગારોહણ, અંબાજીમાં હરિરસની હેલી

—તંત્રી

તા.૧૬/જાન્યુ. થી ૨૬ જાન્યુ. સુધીના અગિયાર દિવસ સ્વર્ગારોહણમાં હરિરસની હેલીના રહ્યા. હેલીનો વિષય હતો પૂ.માને કેનેડા અને અમેરિકામાં મૌન એકાંત દરમ્યાન દિવ્ય સ્ફુરણાઓ દ્વારા જે ગેય ગીતોની લહાણી મળી, તેમાંથી કેટલાંક ગીતોનો રસસ્વાદ સાધક ભાઈબેનો સાથે માણવાનો.

સવારે ૯.૩૦ થી જ આ માટેની બેઠક શરુ થતી. પૂ.મા પણ તેમાં ઉપસ્થિત રહેતાં. આ ગીતોની શબ્દ રચના ખૂબ સરળ, છતાં ભાવપૂર્ણ ને ગેય પણ ખરી. પૂ.મા ક્યારે, કેવા સમયે રજુ થતા ગીતની સ્ફુરણા થઇ, તે પોતાની પાટીમાં લખતાં જાય. અને ભાઈ શ્રી અજય કલોલા તે પાટી વાંચી સરસ બુલંદ સ્વરે શ્રોતા ભાઇબેનોને પૂ.માની વાત પહોંચાડતા જાય. આ ગેય ગીતો સુંદર રીતે ગાવાનું શ્રેય અમેરિકા નિવાસી સંગીતજ્ઞ—શ્રી દેવાંગભાઇ દેસાઇને પ્રાપ્ત થયું. આમ શ્રી કલોલા અને શ્રીદેસાઇની જોડી જામતી રહી. પૂ.મા પણ પોતાની સાધનાત્મક અનુભૂતિઓનો રસથાળ પીરસતાં રહ્યાં, ને શ્રોતા વર્ગ તેમાં તરબોળ થતો રહ્યો. એ સાથે જ હરિરસની હેલી બની ગઇ જેમાં કલાકો સુધી સૌ એકચિત્ત બનીને રસ પીતા રહેતા. આ પૂ.માશ્રી સર્વેશ્વરીની સંન્નિધિમાં એક મોટું અનુષ્ઠાન પર્વ હોય તેમ મોટા ભાગનાં ઉપસ્થિત ભાઇબહેનોએ કેવળ ફળાહાર પર રહી એનું શ્રવણ કર્યું. ટ્રસ્ટે આ માટેનો સરસ પ્રબંધ કર્યો. પૂ.માએ પણ સાધકોની કસોટી થાય તેવી કેટલીક લાંબી બેઠકો કરી. સાથે સાથે થોડાં અસ્વસ્થ પણ જાતેય બેઠાં. તેમાં તા. ૨૬મીની પૂર્ણાહુતિ

બેઠક પૂરા આઠ કલાક ચાલી! અધધ! સાધકોની જાણે આસન સિદ્ધિ થઈ. દેહાધ્યાસ ભૂલાયો એવું લાગ્યું. વચ્ચે વચ્ચે પૂ.માશ્રી સર્વેશ્વરીની પૂ.શ્રી સાથેની પ્રથમ દક્ષિણ ભારતની યાત્રાની ડાયરીનું વાંચન પણ થતું રહેતું. તેમાં પૂ.માનો પ્રથમથી જ પૂજ્યશ્રી પ્રત્યે કેવો ભગવદ્‌ભાવ હતો, તેનું દર્શન થતું.

આ પર્વ દરમ્યાન દરરોજ ગરીબ ૭૩ પરિવારોને જીવન જરૂરી વસ્તુઓનું દાન પણ કરવામાં આવ્યું. તેનાથી ૮૦૦ ઉપરાંત આદિવાસી પરિવારો આ સહાય પામ્યા. દરેક પરિવારને પ્રાપ્ત થતી વસ્તુઓમાં ગરમ ધાબળો, શરીર લૂછવાનો ટુવાલ, સાડી, કીલો ગોળ, ખાંડ, તેલ, ચોખા, દસ કીલો ઘઉં, સ્ટીલની તપેલી બીસ્કીટ, તેમજ ચીકી વગેરેનો સમાવેશ થતો. આમ પૂ.માનું આ સત્કર્મ આસપાસનાં આદિવાસી ગામોમાં છવાઈ ગયું છે જે સદ્‌ભાગી ભાઈબેનોએ આ સત્કર્મોમાં આર્થિક સહયોગ ધર્યો તેની વિગતો હવે પછી રજૂ કરીશું.

આમ આ હરિરસની હેલી સાધકો માટે એક આધ્યાત્મિક ઉત્સવ બની ગયો, તો ગરીબો માટે સહાયરૂપ આશીર્વાદ પર્વ.

આ ઉપરાંત વર્ષ ૨૦૧૩–૧૪માં યોગેશ્વર પરિવારનાં ૬૦ થી વધુ તેજસ્વી બાળકો જેમણે વાર્ષિક પરીક્ષાઓમાં પ્રથમ વર્ગમાં ગુણ મેળવ્યા હોય તેમને સન્માની પુરસ્કાર આપવામાં આવ્યાં. આ માટેનો સમગ્ર ખર્ચ અમેરિકા સ્થિત શ્રીભગવાનજીભાઈ ભક્તને શ્રીકંચનબેન ભક્તે ઉઠાવ્યાં શ્રી વિજયભાઈ કનેરિયા તરફથી વિદ્યાર્થીઓ ઉપરાંત ચીકી ને સાનીનો પ્રસાદ સહુ સાધકોને પણ પ્રાપ્ત થયો.



# ઠાકુરના ઠેકેદાર

—કલ્યાણ

શ્રી શાંતિભાઈ પૂર્વજન્મથી શ્રીઠાકુરના ઠેકેદાર રહ્યા છે. ઠેકેદાર એટલે વારસદાર તરીકે યશ વધારનાર!

પૂર્વના સંસ્કારોને લીધે શ્રી શાંતિભાઈની ઠાકુરના લીલાચરિત્રમાં અનન્ય શ્રદ્ધા રહી છે. પૂર્વેના સંસ્કારોને લીધે જ રાજકોટના રામકૃષ્ણ આશ્રમ અને તેની પ્રવૃત્તિઓ સાથે નીકટતાથી સંકળાયેલા રહ્યા છે. ઘરે પણ ઠાકુરને સુંદર મંદિરમાં પધરાવ્યા છે તેમની દૈનિક પ્રવૃત્તિની શરુઆત આજે પણ ઠાકુરના દર્શનથી થાય છે.

**પરીશ્રમ અને સાહસિકતાઃ—**

સૌરાષ્ટ્રના ઉપલેટા તાલુકાનું ખીરસરા ગામ શાંતિભાઈનું મૂળવતન. પિતા હરિભાઈ કનેરિયા ખીરસરાના મહેનતુ અને સમૃદ્ધ ખેડૂત. ખેતીના પરીશ્રમ ભર્યા વ્યવસાય વચ્ચે ઉછર્યા એટલે પહેલેથી જ શારીરિક ખડતલતા સાહસિકતા વારસામાં મળી છે. હિંમત અને સાહસ લોહીમાં ન હોવાથી જ્યારે ધંધા માટે ઓરિસ્સા જવાનું થયું ત્યારે ઓરિસ્સાના જંગલોમાં અને નદીનાળામાં પગપાળા અને સાઈકલ પર ધંધાર્થે ખૂબ જ ભ્રમણ કર્યું. ધંધા માટે આત્મશ્રદ્ધા ખૂબ જ બળવાન બની.

**રાજકોટમાં આગમનઃ—**

૧૯૬૪માં રાજકોટ આવ્યા ત્યારે પૂર્વતૈયારી રૂપે તેમનામાં ધંધા માટે આત્મશ્રદ્ધા, સાહસિકતા અને હિંમત ભરપૂર હતાં. જીવનમાં કંઈક કરી છૂટવાની તમન્ના હતી એટલે લોકોએ રાજકોટ આગમન માટે રોકવાના પ્રયત્ન કર્યા અને આવું ગાંડુ સાહસ ન કરવા માટે વાર્યા. પરંતુ તેઓ વાર્યા વર્યા નહીં. પોતાના નાના

બાળકો સાથેના છ કુંટુંબના સભ્યો સાથે રાજકોટ આવી ગયા. રૂપિયા સીતેરમાં મકાન ભાડે રાખ્યું. સાથે પૂરતી ઘરવખરી કે પાગરણ પણ ન હતું. ભાડાના મકાનમાં પ્રવેશ્યા ત્યારે આંગણામાં જ હાથી ઘાસ ખાતો હતો. તે જોઇને એક ભાઇ ભવિષ્ય વાણી બોલ્યા કે સારા શુકન લઇને આવ્યા છો. તમારી પ્રગતિ સારી થશે. પરંતુ શ્રી શાંતિભાઇને તો પોતાની આત્મશ્રદ્ધા અને પુરુષાર્થ પર જ મગરૂરી હતી.

**એન્જીનના ધંધાના શ્રીગણેશ—**

રાજકોટના ઢેબરરોડ પર બાલાશ્રમની માલિકીની દુકાન ભાડે લીધી. અને એન્જીનના સ્પેર પાર્ટસનો ધંધો શરુ કર્યો. મહેનત અને સાહસિક તો હતા જ એટલે દોઢ વર્ષ સ્પેર પાર્ટસના ધંધાના અનુભવમાંથી ઓઇલ એન્જીન બનાવવાનું જાતે જ શરુ કર્યું. પ્રભુકૃપાએ નશીબે યારી આપી. સારા અને વિશ્વાસુ માણસોનો સાથ મળ્યો. માલ વહેંચવા માટે વેપારીઓ પણ સારા મળ્યા ધંધો ઝડપથી વિકસતો ગયો.

ધંધામાં બરકત રહેતા ૩૦૦વારનો પ્લોટ લીધો અને તેમાં ફેક્ટરી ઊભી કરી. ધંધા માટે રાતદિવસ એક કરી દીધા. ફેક્ટરી, ઓફિસ, બેંકોના કામકાજ, ખરીદ—વેચાણ બધું જાતે જ સંભાળતા. હવે માત્ર સૌરાષ્ટ્રમાં જ નહીં. પરંતુ પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને યુ.પીમાં ધંધાનો વિસ્તાર અને વિકાસ કર્યો. માર્કેટીંગ અને ઉઘરાણી માટે રાતદિવસ અનેક રાજ્યોમાં ભૂખ્યા, તરસ્યા સગવડ અગવડ ગણકાર્યા વિના દોડતા રહ્યા. ઠાકુરની અમીદૃષ્ટિ તો હતી જ એટલે પુરુષાર્થના પગલે પગલે શ્રી લક્ષ્મીજીનું આગમન થતું ગયું. પછીનો કિરણ સોસાયટીમાં ઘરનો ફ્લેટ પણ લેવાઇ ગયો.

**શ્રી યોગેશ્વર પ્રભુનું આગમનઃ—**

એક વખત શાંતિભાઇ ધંધાર્થે જામનગર ગયા. ધંધાનું



કામકાજ પતાવી સાંજે દરિયાકિનારે ફરવા ગયા ત્યાં દરિયા કિનારે ટહેલતાં ટહેલતાં અંતરમાં પંચનાથ મંદિરમાં જવાની પ્રેરણા થઇ. બીજે દિવસ સવારે ઘેર આવતા ફુલછાબ દૈનિકમાં શ્રી યોગેશ્વર પ્રભુનાં પ્રવચનોની જાહેરાત પર દૃષ્ટિ પડતાં જ સાંજે જ પંચનાથ મંદિરમાં યોજાયેલા પ્રવચનમાં હાજરી આપી. શ્રી યોગેશ્વરપ્રભુનું દર્શન થતાં જ પૂર્વના આધ્યાત્મિક સંસ્કારો જાગૃત થઇ ગયા. દરરોજ પ્રવચનો સાંભળવા જવા લાગ્યા. પ્રવચનોના અંતે જાહેરાત થઇ કે આવતા મે મહિનામાં ભરુચમાં શ્રી યોગેશ્વર પ્રભુના સાન્નિધ્યમાં ધ્યાન—સાધના શિબિર યોજવાની છે.

**ભરુચ ધ્યાન સાધના શિબિરમાં હાજરીઃ—**

શ્રી યોગેશ્વર પ્રભુ સાથે હજુ સુધી રૂબરુ મુલાકાત થઇ ન હતી. છતાં પોતાની રીતે એક મિત્ર સાથે શિબિરમાં પહોંચી ગયા. અઠવાડિયા સુધી સાન્નિધ્ય, દર્શન અને પ્રવચનોના શ્રવણથી ભાવવિભોર બની ગયા. તેમને શ્રી યોગેશ્વર પ્રભુમાં પ્રબળ શ્રદ્ધા પ્રગટી ગઇ. શ્રી શાંતિભાઇને એમ અંતરમાં પ્રતીત થવા લાગ્યું કે આ મહાપુરુષ કોઇ સાધારણ નથી. તેઓના અંતરમાં એવો પ્રબળ શ્રદ્ધાનો ભાવ ઉઠ્યો કે આ મહાપુરુષ સંકલ્પ કરીને પોતાના શ્રીચરણના અંગુઠાથી ધરતીને સ્પર્શ કરે તો આ આખું બ્રહ્માંડ ડોલી ઉઠે! સાત દિવસમાં આવા આવા દિવ્યભાવથી અંતર ઉભરાઇ ગયું. શિબિરની પૂર્ણાહુતિની વિદાય વખતે પ્રેમાશ્રુઓ સાથે ભાવવિભોર બનતાં જાણે શૂન્યમનસ્ક બની ગયા.

**શ્રીયોગેશ્વરપ્રભુની ધ્યાન શિબિરોઃ—**

ભરુચ ધ્યાન સાધના શિબિર પછી દર વરસે જુદા જુદા શહેરોમાં યોજાવનારી શિબિરોમાં તેઓએ હાજરી આપી. અમદાવાદ, સુરત, ભાવનગર, મોરબી, વડોદરા, શિબિરોમાં નિયમિત હાજરી આપી એક બાજુ ધમાકેદાર ધંધો અને બીજીબાજુ

શ્રીયોગેશ્વરપ્રભુનું આકર્ષણ પણ એવું જ રહ્યું. શ્રીયોગેશ્વરપ્રભુનું આકર્ષણ પણ એવું જ એટલે રહ્યું શ્રીશાંતિભાઇએ ઠાકુરને કરેલી પ્રાર્થનાઓ અદ્ભુત રીતે સંભળાઇ. તેઓ ઠાકુરને પ્રાર્થના કરતા કે તમે જ જીવનમાં ફરી વખત આવો અથવા એવા મહાપુરુષને મારા જીવનમાં મોકલો કે જેઓ આપના જેવા જ સર્વસમર્થ હોય કે જેના એકપણ રોમમાં ક્યાંય નબળાઇ ન હોય. અંતરના ઊંડાણમાંથી ઉઠતા આર્તનાદનો ખરેખર અદ્ભુત પડઘો પડ્યો અને જાણે ઠાકુર સ્વયં શ્રીયોગેશ્વર પ્રભુના સ્વરૂપે પ્રગટ થયા. શ્રીયોગેશ્વર પ્રભુના દર્શનમાં તેમને ઠાકુરના સ્વરૂપની આત્મપ્રતીતિ થઇ. બસ, ત્યારથી શ્રીયોગેશ્વર પ્રભુના શરણાગત ભક્ત બની ગયા. શ્રીગુરુદેવ પ્રભુ વરસતા રહ્યા અને શાંતિભાઇ ઝીલતા રહ્યા. બંનેની આંતરપ્રતીતિ આજે પણ એવી જ અકબંધ છે.

**શ્રીયોગેશ્વર પ્રભુની કૃપાવર્ષાઃ—**

ભાવનગરના સત્સંગ વખતે શ્રીયોગેશ્વર પ્રભુએ સામેથી આશીર્વાદ આપતા કહ્યું કે તમે ધંધો વધારો. શ્રીયોગેશ્વર પ્રભુના એ આશીર્વાદ અદ્ભુત રીતે ફળ્યા. શ્રીશાંતિભાઇએ મોટી ફેક્ટરી વસાવી અને મોટા પાયા પર ધંધાનો વિકાસ કર્યો. શ્રીપ્રભુના આશીર્વાદ પછી વિકસાવેલા બીઝનેશમાં ખૂબ જ ચડતી થઇ, જમીન, મકાન અને એન્જીનના દરેક સોદામાં ખૂબ જ સફળ રહ્યા. જોતજોતામાં સમૃદ્ધિના શિખરો સરકરી લીધા. ગાડી, વાડી અને બંગલાના માલિક બની ગયા. શ્રીપ્રભુના આશીર્વાદની સાક્ષી પૂરતો એ 'યોગેશ્વર' નામધારી બંગલો આજે પણ શોભી રહ્યો છે. એ પછી તો પૂ.શ્રીમાના ચરણકમલોના પદરજથી એ નિવાસ અનેક વખત પાવન થતું રહ્યું છે.

**લૌકિક તેમજ પારલૌકિક ઐશ્વર્યથી સંપન્ન બન્યાઃ—**

એકબાજુ ધમધોકાર ધંધો અને બીજી બાજુ શ્રીગુરુદેવપ્રભુની



કૃપાથી આત્મિક ઉન્નતિ બંને શિખરો સર કરવામાં સફળ રહ્યા. દક્ષિણભારતની યાત્રા વખતે કન્યાકુમારીના સમુદ્રતટ પર ગુરુદેવ પ્રભુએ આશીર્વાદ વચનો વરસાવતાં શ્રીશાંતિભાઇને કહ્યું. 'જુઓ, શાંતિભાઇ ખેડૂત ખેતરમાં ઘઉંનો એક દાણો વાવે તો કેટલા દાણા ઉપજે?' એમ સત્કર્મમાં વપરાયેલી સંપત્તિ અનેકગણી થઇને પાછી આવે છે. શ્રીગુરુદેવપ્રભુના આશીર્વાદ પછી શ્રી શાંતિભાઇએ સત્કર્મ કરવામાં પાછું વાળીને જોયું નથી.

શ્રીસર્વમંગલ ટ્રસ્ટની શરુઆત પણ શ્રીશાંતિભાઇની શુકનવંતી મૂડીથી થઇ. આજે તો સર્વમંગલ ટ્રસ્ટ વિશેષને વિશેષ સમૃદ્ધ થતું રહ્યું છે. સ્વર્ગારોહણના સર્જનમાં પણ શ્રીશાંતિભાઇની લક્ષ્મીનો સદ્ઉપયોગ થતો રહ્યો છે. એટલું જ નહીં પરંતુ પોતે જાતે જ ખડેપગે રહીને બાંધકામનું કામ સંભાળ્યું છે. અત્યારથી પૂ.શ્રીમાના માર્ગદર્શન હેઠળ સ્વર્ગારોહણમાં જે જે સેવાકાર્યો, સત્કાર્યો થતાં રહ્યાં છે તેમાં શ્રીશાંતિભાઇનો ફાળો અચુક હોય જ. અનેક વખત સ્વર્ગારોહણના ભક્તોને અન્નદાનથી પણ તૃપ્ત કર્યા છે.

છેલ્લે છેલ્લે ૧૪, ઓગસ્ટ ૨૦૧૫ના રોજ શ્રીશાંતિભાઇએ એક મહાન પુણ્યશાળી કાર્ય કર્યું. અંબાજીમાં પોતે ખરીદેલી વિશાળ જમીનનો પ્લોટ પણ શ્રીશાંતિભાઇએ સર્વમંગલ ટ્રસ્ટને અર્પણ કર્યો. જેની કિંમત આજે તો કરોડોમાં ગણાય છે.

શ્રીયોગેશ્વર પ્રભુ વરસતા રહ્યા અને શ્રીશાંતિભાઇ વહેતા રહ્યા. સંપત્તિને ક્યાંય પણ બંધિયાર થવા નથી દીધી. શ્રીશાંતિભાઇને એક વાત સ્પષ્ટ સમજાય ગઇ કે જેમ કૂવા પર ચાલતો રેંટ કૂવામાંથી પાણીના ઘડા ભરે અને ઉપર આવી થાળામાં ખાલી કરે. એમ સતત ભરાય અને ઠલવાય એટલે પાણીનો પ્રવાહ ચાલુ જ રહે. શ્રીશાંતિભાઇના જીવનમાં રેંટનું

ઉદાહરણ બરાબર લાગુ પડે છે. શ્રીયોગેશ્વર પ્રભુ સંપત્તિના ઘડા ભરતા ગયા અને શાંતિભાઈ તેને ખાલી કરતા રહ્યા. આજે પણ શ્રીગુરુદેવપ્રભુ અને શિષ્યનો રેંટ ચાલુ જ છે. આજે પણ આ કાર્ય તેમનાં સુપાત્ર પુત્રશ્રી વિજયભાઈએ ચાલુ જ રાખ્યું છે. શ્રીશાંતિભાઈને એક વાત ગળે ઉતરી ગઈ કે શ્રી પ્રભુ જ બંધુ આપે છે અને ખાલી પણ એ જ કરાવે છે. હું તો આમાં માત્ર નિમિત્ત જ છું. શ્રીશાંતિભાઈએ રજભાર પણ ભાર પોતાના માથા ઉપર રાખ્યો નથી.

રાજકોટના રામકૃષ્ણ મીશનમાં થતાં સેવાકાર્યોમાં પણ શ્રીશાંતિભાઈની શુકનવંતી અને શુભલક્ષ્મીનો સદુપયોગ થતો રહ્યો છે. એટલું જ નહીં કુટુંબીજનો, મિત્રો અને જરૂરિયાત મંદોને પણ શ્રીશાંતિભાઈ અને લાભુબેન ઝૂપડપટ્ટીમાં પહોંચી જાય છે. અને સૌને અન્નદાન ધરતાં રહે છે.

**શ્રીલાભુબેનનો સહયોગઃ—**

જન્મોના ઋણાનુંબંધો હંમેશાં અકળ અને અગમ્ય રહ્યા છે. કોઈ પૂર્વના સંયોગે શ્રીલાભુબેન જીવનયાત્રામાં શ્રીશાંતિભાઈ સાથે સહયોગ તરીકે જોડાયાં છે. શ્રીશાંતિભાઈને સહધર્મચારીણી તરીકે શ્રીલાભુબેને હંમેશાં ધર્મ અને કર્મમાં સહયોગ ધર્યો છે. આપણને એવો સદ્‌વિચાર જરૂર આવે કે શ્રીલાભુબેનના શુકનવંતા અને પુણ્યશાળી પગલે જ શ્રીશાંતિભાઈનાં જીવનમાં લક્ષ્મીજી પધાર્યા અને લક્ષ્મીપતિ પણ પધાર્યા અને પરમશક્તિ સ્વયં પણ હોંશભેર પધાર્યાં. શ્રીશાંતિભાઈનું જીવન ઐશ્વર્ય અને સત્કર્મોથી છલકાતું રહ્યું છે. તેમાંથી લાભુબેનનો શુભયોગ એટલો જ રહ્યો છે. બાળકો પણ એટલાં જ સંસ્કારી છે સૌ સેવાપદોમાં સહયોગ ધરતા રહ્યાં છે. આજે પણ પૂ.શ્રીમાની છત્રછાયામાં ‘યોગેશ્વર’ આવાસમાં શ્રીલાભુબેન અને શાંતિભાઈનું સહજીવન સત્સંગના અનેક



ઉત્સવોથી સમૃદ્ધ થતું રહે છે.

**દક્ષિણ ભારત અને ઉત્તર ભારતની યાત્રાઃ—**

એકવાર શ્રીશાંતિભાઈને શ્રીગુરુદેવપ્રભુએ કહ્યું કે અમને લંડનમાં પરમશક્તિએ જણાવ્યું છે કે આપણે દક્ષિણ ભારતની યાત્રા ‘ઘરની ગાડી’માં કરવાની છે. પરમશક્તિએ લીલીઝંડી આવી દીધી છે.

‘ઘરનીગાડી’ એ કેવો આત્મીયતા ભર્યો રણકાર છે. આત્મીય સ્વરૂપે તમે પણ અમારા જ છો. શ્રીશાંતિભાઈ કેવા પુણ્યશાળી જીવ કે શ્રી ગુરુદેવ પ્રભુએ આત્મીય સ્વજન તરીકે અપનાવ્યા.

દક્ષિણ ભારતની યાત્રા શ્રીશાંતિભાઈ અને સહયાત્રીઓ માટે શકવર્તી નીવડી. શ્રીશાંતિભાઈએ જાતે જ ડ્રાઈવિંગ કરીને શ્રીગુરુદેવપ્રભુનું દિવસો સુધી નીકટનું સાન્નિધ્ય માણ્યું.

દક્ષિણ ભારતની યાત્રા શ્રીગુરુદેવ પ્રભુના આત્મિક સતાના ઐશ્વર્યના લીલા પ્રસંગોથી સંપન્ન રહી. શીરડીમાં સાંઈબાબાના સાક્ષાત્ દર્શન અને યાત્રાના વિશ્રામ સ્થાનની સગવડતા પણ સાંઈબાબાએ કરી. આળંદીમાં શ્રીજ્ઞાનેશ્વર મહારાજે પોતાના સમાધિ મંદિરના સ્વરૂપ ઉપરનો ફુલહાર પહેરાવી અદ્‌ભુત સ્વાગત કર્યું. પંઢરપુરમાં પણ પૂજારીને નિમિત્ત બતાવી વિઠોબાજીએ સત્કાર કર્યો. કન્યાકુમારીમાં પણ શ્રીવિવેકાનંદજીએ ગુરુદેવપ્રભુના શરીરમાં પ્રવેશ કરીને પોતાનો અહોભાવ પ્રગટ કર્યો અને કન્યાકુમારીના સમુદ્રતટ પર શ્રીવિવેકાનંદજીએ અવકાશમાં દર્શન આપી શ્રીગુરુદેવપ્રભુની શ્રીચરણોને પખાળવાની ઈચ્છા સમુદ્રદેવ દ્વારા અદ્‌ભુત રીતે પૂરી કરી. એજ સમુદ્રતટ પર પરમશક્તિ આ શરીર દ્વારા કેવી રીતે લેખન કાર્ય કરે છે તેનું દર્શન પણ સૌ યાત્રીકોને શ્રીગુરુદેવપ્રભુએ કરાવ્યું. પૂ.શ્રી મા સહિત કેટલાક યાત્રિકોની પ્રાર્થનાઓ પણ શ્રીગુરુદેવ

પ્રભુએ સાંભળી સૌને આશ્ચર્યમુગ્ધ કરી દીધા. આ યાત્રામાં તો શ્રીશાંતિભાઈ ડ્રાઈવિંગ કરતાં કરતાં જે વિચારો કે ભાવો સેવતા તે શ્રીપ્રભુ તુરત જ પૂરા કરતા. ગાડીનો અકસ્માત થવા છતાં એક નાની બાળાને શ્રીપ્રભુએ મૃત્યુના મુખમાંથી ઉગારી લીધી.

દક્ષિર ભારતની યાત્રા વખતે એક વખત શ્રીગુરુદેવપ્રભુએ ઉત્તર ભારતના તીર્થસ્થાનોની ઈચ્છા વ્યક્ત કરી તો શ્રીશાંતિભાઈએ મનોમન પ્રાર્થના કરી કે ઉત્તર ભારતની યાત્રાની સેવાનો લાભ પણ પોતાને મળે તો સારું. શ્રીગુરુદેવપ્રભુએ ઉત્તર ભારતની યાત્રાનો લાભ પણ શ્રીશાંતિભાઈને જ આપ્યો અને દક્ષિણભારતની જેમ ઉત્તર ભારતની યાત્રા પણ અનેક દિવ્ય લીલા પ્રસંગોથી સંપન્ન રહી.

આ બંને યાત્રાઓ શ્રીશાંતિભાઈની શ્રીગુરુદેવ પ્રભુની પ્રબળ શ્રદ્ધાભક્તિના પુરાવા સમાન છે.

**ધંધામાં શ્રીયોગેશ્વરપ્રભુની પાર્ટનરશીપઃ–**

ધંધાની શરુઆતમાં શ્રીશાંતિભાઈએ પાર્ટનરશીપમાં ધંધો શરુ કર્યો હતો પરંતુ તેમાં અનુકૂળતા ન રહેતાં તેમણે શ્રીગુરુદેવ પ્રભુને જ પ્રાર્થના કરી કે તમે જ આજથી મારા પાર્ટનર. આમ મનોમન શ્રીપ્રભુને પ્રાર્થના કરીકે તમે આજથી ધંધામાં પાર્ટનર છો તો ધંધાનો જે નફો થાય તે તમારે સામેથી માગી લેવો. હું કદાચ આપતાં ભૂલી જાઉં તો સામેથી જ માગી લેવો. એ પ્રાર્થના પણ અદ્‌ભુત રીતે સાંભળી શ્રીશાંતિભાઈ જે જે રકમ શ્રીગુરુદેવપ્રભુના ચરણોમાં ધરતા તેનો પ્રેમપૂર્વક સ્વીકાર કરતાં. ઓઈલ એન્જીનનો ધંધો તો હવે સમેટી લીધો છે પરંતુ મિલ્કતની પાર્ટનરશીપ તો હજુ ચાલુ જ છે તેનો છેલ્લો હપ્તો હમણાં જ ૧૪, ઓગસ્ટ ૨૦૧૫ રોજ જ ચૂકવ્યો છે. શ્રીગુરુદેવપ્રભુની ઈચ્છા હશે ત્યાં સુધી શ્રીગુરુ અને શિષ્યની પાર્ટનરશીપ ચાલુ જ રહેશે એ



પાર્ટનરશીપને કદાચ જન્માંતરોનાં બંધન પણ નહીં રોકી શકે.

**શ્રીગુરુશિષ્યની હારજીતઃ–**

એક વખત શ્રીગુરુદેવપ્રભુ શ્રીઉમિયાશંકરભાઈને ઘરે બીરાજતા હતા. શ્રીશાંતિભાઈ દરરોજના ક્રમ પ્રમાણે શ્રીગુરુદેવપ્રભુના દર્શને ગયા. ત્યારે શ્રીપ્રભુ બહારની લોબીમાં આંટા મારતા હતા. આંટા મારતા મારતા શ્રીપ્રભુએ શાંતિભાઈને કહ્યું કે મેં કેટલીક પ્રાર્થનાઓ કેટલાંક સાધકોને લખી આપી છે તેથી તેઓ આરાધ્યદેવ પાસે ભાવપૂર્વક પ્રાર્થના કરી શકે. શ્રીશાંતિભાઈએ કહ્યું કે હે પ્રભુ! મને પણ પ્રાર્થના લખી આપોને! શ્રીગુરુદેવ પ્રભુએ કહ્યું કે પ્રાર્થના લખવાની કિંમત રૂપિયા ચાલીસ હજાર થાય! તો શ્રીશાંતિભાઈ ઉછળીને હરખભેર બોલી ઉઠ્યા. ‘આપ્યા પ્રભુ’ બસ, આટલા જ! તમે છેતરાણા પ્રભુ! શ્રીશાંતિભાઈ પ્રભુને અંતરના અંતરતમથી પ્રાર્થના કરતાં કહ્યું કે પ્રભુ! મારી સંપત્તિ અને આયુષ્ય આપના ચરણે ધરું છું. તમે તેનો ઉપયોગ કરવા સર્વતંત્ર સ્વતંત્ર છો. પછીતો શ્રીગુરુદેવપ્રભુએ શ્રીઠાકુરના ઠેકેદારને શ્રીઠાકુરનીજ પ્રાર્થના લખી આપી. જે આપણા સૌની પ્રાર્થના બની રહી.

**અધર્મ જ્યારે પ્રસરે ધરામાં**
**અંધાર વ્યાપે જડતા હવામાં**
**ત્યારે તમે જ્યોતિ બની પ્રકાશો**
**શ્રીરામકૃષ્ણ પ્રભુ હે, પ્રસન્ન હો.**

દિવ્યપ્રેમની દુનિયામાં હારમાં કેવી જીત છે અને જીતમાં કેવી હાર છે તેનો આત્માનંદ તો એ મહાન શ્રીગુરુ અને શિષ્ય જ જાણે!

**પરમશક્તિ પૂ.શ્રીમાના શ્રીચરણોમાં જ જીવન ઓળઘોળ**

શ્રીશાંતિભાઈએ પૂ.શ્રીમા અને શ્રીગુરુભગવંતના શ્રીચરણોમાં

જ જીવન સમર્પિત કર્યું છે. શ્રીશાંતિભાઇની અડગ શ્રદ્ધા છે કે પૂ.શ્રીમા અને શ્રીગુરુભગવંત એક જ સિક્કાની બે બાજુ જેવા છે. અર્ધનારીશ્વર અને અર્ધનટેશ્વરનું સ્વરૂપ ધારણ કરીને એ જ શિવશક્તિની પરમલીલાનું દર્શન થઇ રહ્યું છે.

પૂ.શ્રીમાની કપરી કસોટીમાંથી શ્રીશાંતિભાઇ સાંગોપાંગ પાર ઉતર્યા છે. શ્રીશાંતિભાઇએ એ જમીનનો પ્લોટ લીધાને સાત આઠ વર્ષના વહાણાં વાઇ ગયાં છે. છતાં પૂ.શ્રીમાએ એ જમીનનો સ્વીકાર કર્યો ન હતો. પરંતુ શ્રીશાંતિભાઇએ જમીન લીધી ત્યારે જ મનમાં એ સંકલ્પ સાથે જ સોદો કર્યો હતો કે આ જમીન તેની મિલ્કત તો પૂ.શ્રીમા શ્રીચરણોમાં સમર્પિત છે. આજે ભલે એ મિલ્કતની કિંમત કરોડોમાં થતી હોય પણ શ્રીશાંતિભાઇના મનમાં જરાપણ સંપત્તિની લાલચ પ્રગટી નથી. શ્રીશાંતિભાઇને મન પૂ.શ્રીમાના શ્રીચરણકમળોની સંપત્તિથી મોટી મિલ્કત આ વિશ્વમાં બીજી કોઇ નથી. પૂ.શ્રીમા અને શ્રીપ્રભુના સાન્નિધ્યમાં આવ્યા ત્યારથી અત્યાર સુધી અખંડ પ્રચંડ શ્રદ્ધાએ ‘પાર્વતિ પરમેશ્વરો’ના શ્રીચરણોમાં રહી છે. શ્રીશાંતિભાઇ દુન્યવી સંપત્તિની લાલચમાં ક્યારેય લપેટાયા નથી.

આજે પણ શ્રીશાંતિભાઇના આત્માનો પોકાર છે કે,

**આદ્યશક્તિ જે વિશ્વની**
**ચૈતન્યશક્તિ જે એક**
**તેજ વિલસી રહી અહીં**
**મા સર્વેશ્વરીના રૂપમાં.**

આજે ૮૦ વર્ષે પણ શ્રીશાંતિભાઇનું સ્વાસ્થ્ય સારું છે. તેઓ પૂ.શ્રીમાએ પ્રકટાવેલી અહંને ઓગાળી નાંખતી અને સ્વાસ્થ્ય વર્ધીની પ્રણામ પૂજા નિયમિત કરતા રહે છે. પ્રદક્ષિણા, આસનો, વ્યાયામ, સદ્‌વાંચન શારીરિક અને માનસિક રીતે તેમને સ્વસ્થ રાખી રહ્યાં છે.



શ્રીશાંતિભાઇના સ્વભાવને સરળતા અને સાદાઇ સંપૂર્ણપણે વળગી ગઇ છે. અહં તો એટલું ઓગળી ગયું છે કે હું કરોડાધિપતિ માણસ છું તેની તેમને ખબર નથી. અહંશૂન્યતા, સરળતા અને સાદાઇના ત્રિવેણી સંગમમાં શ્રીશાંતિભાઇ નિરંતર સ્નાન કરી રહ્યા છે. આ સંગમ સ્નાન એ જ તેમની સાધના!

આજે પણ શ્રીશાંતિભાઇના નિવાસ સ્થાને સત્સંગની મહેફીલો સજતી રહે છે. આ સત્સંગનો વારસો શ્રીશાતિભાઇએ કનેરિયા પરિવારના કુળદીપક શિવમ સુધી વિસ્તાર્યો છે. શિવમ અત્યારે અમેરિકામાં અભ્યાસ કરી રહ્યો છે. શિવમ પર રક્ષા છત્ર ધરીને પૂ.શ્રીમાએ ભરયુવાનીમાં અમેરિકામાં વસતા એ વારસદારને બરાબર સત્સંગથી સજાવ્યો ધજાવ્યો છે.

સમગ્ર કનેરિયા પરિવાર પર પૂ.શ્રીમાનું રક્ષાછત્ર અખંડ રહ્યું છે. પૂ.શ્રીમાના ખોળામાં સૌ કિલ્લોલતા રહીને તેમના અંતરમાંથી એક જ પ્રાર્થના ઉઠે છે. સુંદર સ્વરૂપ છોડી, હૈયું હઠે ન ક્યાંયે,

**સંતપ્ત શાંતિ પામે, કોઈક જેમ છાંયે,**
**મનડું બધે તમારી ઝાંખી કરી નમે છે.**
**દિલમાં જરી જુઓ તો શ્રીમા જ ત્યાં રમે છે.**

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**
**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
તેમ જ
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

# સમય જ સર્વેસર્વા!

—ડો.આઈ.કે વિજળીવાળા

૧૯૭૩ની એ સાંજ હતી.

ખોબા જેવડા અમરગઢ ગામના સ્ટાફ ક્વાર્ટર્સમાં દરેક જણના મનમાં એક અનેરો ઉત્સાહ હતો. હોય જ ને, અમરગઢ એટલે કે જિંથરી તરીકે ઓળખાતા એ ગામમાં આવેલી શ્રી કે. જે. મહેતા ટી.બી. હોસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટ ડોક્ટરની મોટી દીકરીનાં લગ્ન હતાં. ગામની દરેક દરેક વ્યક્તિનાં મનમાં આ મહાન ડોક્ટર પ્રત્યે એક અનન્ય લાગણી હતી.

અંતરિયાળ એ ગામડામાં આવેલી હોસ્પિટલમાં દિવસ—રાત સેવા આપવા બધા જ ડોક્ટર પણ જિંથરી તરીકે ઓળખાતા એ ગામના સ્ટાફ ક્વાર્ટર્સમાં જ રહેતા. જો કે એ બધાને ડોક્ટર કહેવા કરતાં ભેખ લીધાં વગરના ભેખધારી સંતો જ કહેવા પડે. ટંકશાળ પાડી શકે એવી ક્ષમતા અને કાર્યદક્ષતા હોવા છતાં એ બધા હજારો અરે! લાખો દર્દીઓની જિંદગી બચાવવા માટે ગામડામાં રહીને સેવા કરતા હતા. જાત ઘસીને ઊજળા દેખાતા એ મુઠ્ઠી ઊંચેરા ફરિશ્તાઓ અન્ય કાંઇ પણ અપેક્ષા વગર માનવતાના યજ્ઞમાં પોતાના જીવનનાં અમૂલ્ય વરસોની આહુતિ આપીને લોકોના જીવનમાં પ્રકાશ પાથરતા હતા. એ લોકો ઇન્સાનિયતની જીવતી મશાલ જેવા હતા એમ કહું તો એમાં કાંઇ ખોટું નથી.

જિંથરી ગામ એમાં આવેલી કે. જે. મહેતા ટી.બી. હોસ્પિટલનાં કારણે સમગ્ર દેશમાં જાણીતું બની ગયું હતું. આજે તો એ ટી. બી. હોસ્પિટલ ભૂતકાળ બની ગઇ છે. પરંતુ એ વખતે એ હોસ્પિટલમાં કોઇ પણ સમયે લગભગ ૮૫૦ દર્દીઓ દાખલ



રહેતા. હોસ્પિટલમાં એડ્મિશન મેળવવા માટે મહિનાઓનું વેઇટિંગ લિસ્ટ રહેતું. માત્ર ૨૦૦૦ લોકોની વસ્તી ધરાવતા એ ગામમાં આવડી મોટી ટી.બી. હોસ્પિટલ સ્થાપવા પાછળનું મૂળ કારણ એની આબોહવા હતું. સાવ સૂકું વાતાવરણ ધરાવતા એ પથરાળ અને ડુંગરાળ વિસ્તારમાં ટી.બી.ની બીમારી બીજા ભેજવાળા વિસ્તારો કરતા જલદી કાબૂમાં આવી જતી હતી. મોતના દરવાજા સુધી પહોંચી ગયેલા હજારો દર્દીઓ જાણે કોઇએ અમૃત પીવડાવી દીધું હોય એમ જિંથરી આવતાની સાથે જ સાજા થવા લાગતા. એના કારણે જ વખત જતા જિંથરી ગામનું નામ 'અમરગઢ' પડી ગયેલું.

એ સાંજે હોસ્પિટલના ફરિશ્તા જેવા ડોક્ટર શ્રી રસ્તોગી સાહેબની મોટી દીકરીનાં લગ્ન હતાં. આ પ્રસંગથી કુદરત પણ જાણે ખુશખુશાલ હોય તેમ એ દિવસની સાંજ કાંઇક વધારે ઉત્સાહભરી અને રોજ કરતા વધુ રળિયામણી બની ગઇ હતી.

સૌરાષ્ટ્રનાં ગામડાંઓની એક ખાસિયત છે. કોઇના પણ ઘરનો પ્રસંગ હોય, લગ્ન હોય કે મરણ હોય, ગામના બધા હાથોહાથ બધું કામ ઉપાડી લે. સૌ નિસ્વાર્થભાવે મદદ કરે. જાણે પોતાના ઘરનો જ પ્રસંગ હોય એમ દરેક જણ કામમાં જોડાઇ જાય. સાવ સામાન્ય વ્યક્તિના પ્રસંગમાં પણ લોકો આમ જોડાઇ જતા હોય તો એ દિવસે તો હોસ્પિટલના સર્વોચ્ચ હોદા પર બિરાજમાન વ્યક્તિના ઘરનો શુભ પ્રસંગ હતો. પછી તો બધાનો હરખ બમણો હોય એ બહુ જ સ્વાભાવિક હતું.

મારી ઉંમર ત્યારે ૧૩ વરસની. આમ તો ડોક્ટરની દીકરીના લગ્નમાં મારા જેવા સામાન્ય છાપાવાળાનાં દીકરાને જવાની કોઇ જ જરૂર ન હોય (કે આમંત્રણ પણ ન હોય!) પણ મારા બાળપણના મિત્ર તુષારના આગ્રહથી એ સાંજે હું ત્યાં જ રોકાઇ ગયેલો. જોકે

મારું મન સતત ત્યાં રહેવાની ના પાડતું હતું. આમેય ગરીબો પ્રત્યેના સમાજના વલણનો મને બહુ નાની ઉંમરથી પરિચય થઈ ગયેલો. એટલે હું ત્યાં વધારે વખત રોકાવા રાજી પણ નહોતો. તુષારનું મન રાખવા હું ત્યાં મંડપમાં ઊભો હતો. છતાં મારા શંકાશીલ મનનાં ઘોંચપરોણાથી કંટાળીને મેં તુષારને કહ્યું, 'તુષાર! તું કહે છે કે રસ્તોગીસાહેબે સ્ટાફના દરેકને આમંત્રણ આપ્યું છે, પણ હું અને મારું કુટુંબ તો હોસ્પિટલ સાથે જોડાયેલા નથી. મારા બાપુજી તો ફક્ત અહીં છાપા વેચવાનું કામ કરે છે. તો પછી મને તો આમંત્રણ ન જ કહેવાયને?'

'અરે યાર! છાપા તો વેચે છે ને? જો તમે લોકો આ હોસ્પિટલ સાથે જોડાયેલા ન હો તો તને હોસ્પિટલ તરફથી ભણવા માટે ચોપડા કેમ મળે છે? તને હોસ્પિટલની સ્કૂલવાનમાં આવવા–જવાની સગવડ કેમ અપાય છે? બસ, એ જ સાબિતી છે કે તમે આ સંસ્થા સાથે જોડાયેલા છો!' તુષારે મારા ગળે ઊતરી જાય એવી દલીલ કરી. હું વિચારમાં પડી ગયો. એણે મારા ખભે હાથ મૂકીને કહ્યું, 'બસ યાર! તું અત્યારે રોકાઈ જા! તું જો તો ખરો કેવો સરસ મંડપ છે અને કેવી સરસ લાઈટો ગોઠવેલી છે? આપણે બધા ડોક્ટરના છોકરાઓ ખૂબ મજા કરીશું!' પરંતુ હું ડોક્ટરનો છોકરો નથી એ ખ્યાલ આવતાં જ એણે વાક્ય સુધારી લીધું કે, 'આપણે બધા ખૂબ મજા કરીશું!'

એના આગ્રહના કારણે હું રોકાઈ ગયો હોઉં કે એવા સરસ મંડપમાં રમવાનો મને પણ મોહ હોય એ ખબર નથી, પણ હું રોકાઈ ગયો. જો કે મનમાં એક સંશય હજુ એનું સ્થાન છોડતો નહોતો. આવા પ્રસંગોમાં કોનું મૂલ્ય કઈ રીતે અંકાતું હોય છે એની મને નાનપણથી જ ખબર પડી ગયેલી. આમેય નવાં નક્કોર કપડાં પહેરીને ફરતા લોકો વચ્ચે અનેક થીંગડાં મારેલી ચડ્ડી અને એવું જ



સાવ ઝળી ગયેલું શર્ટ પહેરીને ત્યાં ઊભા રહેવામાં મને મજા કરતા શરમ વધારે આવતી હતી. પરંતુ સંપૂર્ણ સમજણની ઉંમરથી હજુ જરાક નાના હોવાના કારણે જ હું કદાચ રોકાઈ ગયો હઈશ એવું બની શકે.

હું અને તુષાર મંડપમાં આગળ ગોઠવેલી ખુરશીઓ પર બેઠા. ઝાકમઝોળ લાઈટોનાં કારણે રાત છે કે દિવસ એની પણ ખબર ન પડે એટલો પ્રકાશ ચારે તરફ વેરાયેલો હતો. એ વખતે મંડપમાં અમે બધાં બાળકો જ હતાં. મહેમાનો તેમ જ વયસ્કો હજુ સાવ ઓછાં હતાં. અમે બધા એ ઉંમર સહજ અલકમલકની વાતો કરી રહ્યા હતા. છતાં મારું મન ખીલતું નહોતું. ડોક્ટર્સનાં સંતાનો સરસ રીતે તૈયાર થયાં હતાં. એમણે બધાંએ ભપકાદાર કપડાં પહેર્યા હતાં, જ્યારે હું તો મારા રોજનાં સાદાં કપડાં પહેરીને જ બેઠો હતો. મને પોતાને જ જાણે હું કબૂતરના ટોળામાં કાગડો ભળી ગયો ન હોય એવો લાગતો હતો. બસ, એક હું જ થોડો શાંત બેઠો હતોય બાકી બધા ખૂબ હસીમજાક કરી રહ્યા હતા.

'એય! તને અહીંયાં આવવા દીધો?' મારી પાછળથી અવાજ આવ્યો.

ચમકીને મેં પાછળ જોયું. આમેય હું મારી ત્યાંની હાજરીથી સાશંક તો હતો જ. એટલે પાછળ જોતા પહેલાં જ એ વાક્ય મને ઉદ્દેશીને કહેવાયું છે એની મને જાણે કે ખાતરી જ હોય એમ હું ફર્યો. મારી બરાબર પાછળ હોસ્પિટલનો ચોકીદાર ઊભો હતો.

'કોને? મને?' ખબર હોવા છતાં મેં પૂછ્યું.

'હા, તને!' ચોકીદારે કહ્યું.

'આ મારા ભાઈબંધ તુષારે કહેલું ને એટલે...' હું થોથવાયો.

'હા! મેં એને બોલાવ્યો છે!' તુષારે મારી ભેર તાણી.

'અરે! એ જે હોય તે! આવાને થોડા અહીંયાં બેસવા દેવાય?

આ ખુરશીઓ તો મહેમાનો અને તમારા જેવા ડોક્ટરનાં બાળકો માટે છે. આ તો છાપાવાળાનો છોકરો છે. ચાલ એય! ઊઠ ખુરશીમાંથી! એ તારા માટે નથી.' ચોકીદારે તુષારને જવાબ આપવાની સાથે મને પણ આદેશ સંભળાવી દીધો.

હું ઊભો થઇ ગયો. મારા પેટમાં શેરડો પડી ગયો. મારા સમોવડિયા અને સારાં ઘરનાં છોકરા–છોકરીઓ સામે જ ચોકીદારે મને આવા શબ્દો કહી દીધા હતા. પરંતુ એમાં એક રીતે જોઇએ તો એનો કાંઇ વાંક પણ નહોતો. એની તો એ ફરજ હતી. એ તો માત્ર એક ચીઠ્ઠીનો ચાકર હતો. એ એ જ કરી રહ્યો હતો જે કરવાનું એને કહેવામાં આવ્યું હતું. મને એના પર જરા પણ ગુસ્સો નહોતો આવ્યો. પણ હા! રડવું જરૂર આવતું હતું. પરંતુ હું ત્યાં બધાની સામે રડવા નહોતો માંગતો. મને ગળે બરાબર ડૂમો બાઝી ગયો. કાંઇ પણ બોલ્યા વિના હું બહાર જવા માટે ઊભો થઇ ગયો. હું આમંત્રિતોમાં નહોતો એની મને ખાતરી થઇ ગઇ. થોડીક લાલચથી રોકાઇ જવાનું આવું પરિણામ પણ આવી શકે એ મારે પહેલાથી વિચારી રાખવું જોઇતું હતું.

સ્તબ્ધ થઇ ગયેલા મારા દોસ્તારો સાથે નજર પણ મેળવ્યા વિના હું મંડપમાંથી બહાર જવા ચાલવા લાગ્યો. તુષાર પણ કાંઇ બોલી ન શક્યો. મેં ફક્ત એકવાર એની સામે જોયું. મને રોકીને એણે ખોટું કર્યું હતું અને એ ક્ષણે એ મને કાંઇ મદદ નથી કરી શક્તો એ બદલ દિલગીર હોવાનો ભાવ એની આંખોમાં સ્પષ્ટ વંચાતો હતો. હું મંડપના છેડે પહોંચ્યો એ વખતે જ પાછળથી ચોકીદારના શબ્દો સંભળાયા, 'આવા ને આવા હાલી જ નીકળે છે!' પછી તુષારને અને બીજા ડોક્ટર સંતાનોને ઉદ્દેશીને એ બોલ્યો, 'તમે બધા તમ—તમારે રમવાનું ચાલું રાખો!'

હોસ્પિટલના સ્ટાફ ક્વાર્ટર્સથી મારું ઘર લગભગ પોણો



કિલોમીટર દૂર હતું. એ આખા રસ્તે હું જરાય અવાજ ન થઇ જાય એ રીતે પેટ ભરીને રડ્યો હઇશ. ઉપરવાળાને કહેવાનું મન થતું હતું કે શું આવું જ ભાગ્ય લઇને હું જનમ્યો હતો? ગરીબોને બધા સરખી રીતે બોલાવે પણ નહિ? મને આમ તુચ્છકારથી કહેવાને બદલે એ માણસે સારી રીતે કહ્યું હોત તો પણ હું ત્યાંથી નીકળી જાત. પરંતુ 'આવા ને આવા હાલી જ નીકળે છે' એવું એણે કહેવાની શી જરૂર હતી? શું એક ગરીબ તરીકે મારે કાયમ આવું જ સાંભળવું પડશે? એમાં ક્યારેય ફેરફાર થશે ખરો? અરે! આવા આવા તો સેંકડો સવાલો મારા મનમાં એ વખતે ઘુમરાતા હતા. એ વિચારોમાં ઘર ક્યારે આવી ગયું એનો ખ્યાલ જ ન રહ્યો. ઘરે આવીને થોડુંઘણું જમીને હું એમ જ ભરચક ઉદાસીનતા સાથે સૂઇ ગયો.

★★★

૨૭મી મે, ૧૯૯૦.

ખોબા જેવડા અમરગઢ ગામનાં સ્ટાફ ક્વાર્ટર્સમાં દરેક જણના મનમાં એક અનેરો ઉત્સાહ હતો. હોય જ ને. પ્રસંગ જ એવો હતો કે બધા આનંદમાં જ હોય. એ દિવસે જિંથરી ટી.બી. હોસ્પિટલમાં રાજ્યકક્ષાની સોળમી ટી.બી. કોન્ફરન્સ હતી. ગુજરાતના લગભગ દરેક દરેક જિલ્લામાંથી પ્રતિનિધિઓ આવ્યા હતા. એક નાનકડા ગામડામાં આવી રાજ્યકક્ષાની કોન્ફરન્સ હોય એટલે દરેકને ઉત્સાહ હોય જ એ સ્વાભાવિક હતું.

'નવરંગ' નામે ઓળખાતા બિલ્ડિંગમાં કોન્ફરન્સ રાખવામાં આવી હતી. આખા જ બિલ્ડિંગને સરસ રીતે શણગારવામાં આવ્યું હતું. સવારના સમયે નાનકડી ટેકરીઓના ખોળામાં બેઠેલું 'નવરંગ' કોઇ માતાએ લાડથી અને ખૂબ જહેમતથી તૈયાર કરેલા બાળક જેવું રૂપાળું લાગતું હતું.

ગુજરાતના માનનીય મુખ્યમંત્રી સ્વ. શ્રી ચીમનભાઇ પટેલના

હાથે એનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. એ કોન્ફરન્સમાં મારે પણ પેપર રજૂ કરવાનું હતું. એ વખતે હું બાજુના ભાવનગર શહેરમાં બાળરોગ નિષ્ણાત તરીકે પ્રાઈવેટ પ્રેક્ટિસ કરી રહ્યો હતો.

'બાળકોમાં ટી.બી.નું નિદાનઃ ૩૦૦૦ દર્દીઓના અભ્યાસનું તારણ' એ વિષય પર હું બોલ્યો પછી બપોરનાં ભોજનનો વિરામ હતો. જમ્યા પછી હું મુખ્ય હોલની બહાર ઊભા કરાયેલા મંડપમાં એક ડોક્ટર જોડે વાતો કરી રહ્યો હતો. લગભગ બધી ખુરશીઓ રોકાયેલી હતી એટલે અમે ઊભાં ઊભાં જ વાતો કરી રહ્યા હતા.

'અરે! ડોક્ટર સાહેબ! ઊભા કેમ છો? તમને ઊભેલા જોઈને જ હું આ ખુરશી લેતો આવ્યો છું. બેસો બેસો!' મારી પાછળથી અવાજ આવ્યો. ચમકીને હું પાછળ ફર્યો. તો આ તો એ જ ચોકીદાર! ૧૭ વરસ પહેલાં જેણે મને ઊભો કર્યો હતો અને કાઢી મૂક્યો હતો એ માણસ હવે મને બેસવાનું કહેતો હતો એનામાં ઝાઝો ફરક નહોતો પડ્યો. બસ, એના વાળ થોડા સફેદ થયા હતા અને મારા વાળ થોડાક ઓછા થયા હતા!

એના અવાજ સાથે જ ૧૭ વરસ પહેલાની એ ઘટના મારી નજર સામે આવીને ઊભી રહી ગઈ. આ એ જ માણસ હતો જેણે એક વખત આવા જ એક ભવ્ય મંડપમાં મને ખુરશી પરથી ઊભો કરી દીધો હતો. આજે એ જ માણસ મને ખુરશીમાં બેસવા માટે એવા જ એક ભવ્ય મંડપમાં આગ્રહ કરી રહ્યો હતો. એક ક્ષણ માટે હું જાણે કે શૂન્યમનસ્ક બની ગયો. ફક્ત સત્તર જ વરસમાં સમયે કેવો વળાંક લીધો હતો? ભાગ્યનું પાસું કેવી રીતે પલટી ગયું હતું? મારાં માબાપનાં સખત પરિશ્રમ તેમજ દુવાઓ, મારી મહેનત અને ઈશ્વરની કૃપાએ સમયને પોતાની ચાલ બદલવા કેવો મજબૂર કરી દીધો હતો. મેડિકલનાં વરસોમાં કરેલ મહેનત અને ઉજાગરા હવે લેખે લાગ્યા હતા. બદલાયેલી કિસ્મતની રેખાઓએ જાણે કે મારી સમગ્ર દુનિયા જ બદલી નાખી હતી.



'બેસોને સાહેબ! પાણી લાવું?' એણે પૂછ્યું.

મેં માથું હલાવીને હા પાડી. એણે મૂકેલ ખુરશી પર અધિકારના ભાવ સાથે હું બેસી ગયો. એ પાણી લઈ આવ્યો. પાણીનો ઘૂંટડો પીતાં પીતાં મેં એની સામે જોયું. એ મારી સામે જોઈને હસ્યો. હું પણ હસ્યો. મેં એનો ખુરશી લાવવા માટે અને પાણી માટે આભાર માન્યો. હું જોતો હતો અને વિચારતો હતો કે એ માણસ એનો એ જ હતો. થોડા સફેદ વાળ સિવાય બીજું કશું નહોતું બદલાયું. હું પણ એનો એ જ હતો. હા! મારાં કપડાં જરુર બદલાયાં હતાં. ફાટેલાં ચડ્ડી—બુશકોટની જગ્યાએ થોડાં સારાં પેન્ટ—શર્ટ આવી ગયાં હતાં. પરંતુ ધરમૂળથી કાંઈ બદલાયું હોય તો એ હતો સમય! મારો સમય બદલાઈ ગયો હતો.

એ માણસ એની ફરજ પર પાછો ગયો. હું કાંઈ કેટલીયે વાર સુધી ત્યાં જ બેઠો સમયનાં આ અદ્‌ભુત ખેલને મનમાં ને મનમાં જ મમળાવતો રહ્યો. મને ગળા સુધી ખાતરી થઈ ગઈ કે જીવનમાં ક્યારેય નિરાશ ન જ થવું. સમય સર્વેસર્વા હોવા છતાં એ બદલાતો જરુર હોય છે. બસ, એના બદલવાની ક્ષણ સુધી રાહ જોઈને હિંમત હાર્યા વિના મહેનતમાં મંડ્યા રહેવાની જરુર હોય છે. સૂરજ જરાક નરમ પડ્યો હતો. કદાચ હવે એક એકદમ રળિયામણી સાંજની શરુઆત થશે એવું લાગતું હતું. હું એમ જ એ દૃશ્યને માણતો રહ્યો. મારા મનમાં જાણીતા કવિ શ્રી નાઝીર દેખૈયા સાહેબની લખેલી એક પંક્તિ પડઘાતી હતી કેઃ

**ભલે આજે નહીં તો કાલે મારું ભાગ્ય પલટાશે,**
**નિરાશાની હું રેખા ક્યાં સદાની લઈને આવ્યો છું?**